ગુજરાત યુનિવર્સિટીનું મુખપત્ર

# વિદ્યાવૃત્ત

**વર્ષ : ૧, અંક : ૯-૧૦**
**ઑક્ટોબર-નવેમ્બર : ૨૦૦૬**

**મુખ્ય સંપાદક :**
ડૉ. રાજસી ક્લાર્ક

**સંપાદક મંડળ :**
ડૉ. વી. ચારી, ડૉ. કીર્તિદા શાહ,
ડૉ. સલોની જોષી

**મુદ્રક અને પ્રકાશક :**
ડૉ. અરવિંદ ભાંડારી, *કુલસચિવ*

**સંયોજક :**
શ્રી કે. ડી. વોરા, *પ્રકાશન અધિકારી*

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પા.નં. |
|---|---|---|
| ૧. | સંપાદકીય | ૧ |
| ૨. | કુલપતિ સંદેશ | ૨ |
| ૩. | ભવનોની ગતિવિધિ | ૩ |
| ૪. | અધ્યાપક આલમ | ૯ |
| ૫. | અહેવાલ | ૧૦ |
| ૬. | કૉલેજ કોર્નર | ૧૩ |
| ૭. | વિદ્યાર્થી વિશ્વ | ૧૬ |
| ૮. | કેમ્પસ ન્યૂઝ | ૧૭ |
| ૯. | યુવક મહોત્સવ-૨૦૦૬-૦૭ | ૧૮ |
| | Port Management | ટાઇટલ-૨ |
| | યુજીસી પરિપત્રો | ટાઇટલ-૩ |


Opinions expressed in the articles are those of the contributors and do not necessarily reflect the policies of the University.

# સંપાદકીય

'વિદ્યાવૃત્ત'ના સૌ વાચકોને દિપાવલીની અનેક શુભેચ્છાઓ.

અતિવૃષ્ટિ અને રોગચાળાના વસમા દિવસો બાદ, નૂતન વર્ષ સૌને માટે આરોગ્ય, સમૃદ્ધિ અને સુખાકારીનો સંદેશ લઈને આવે તેવી મંગળકામનાઓ 'વિદ્યાવૃત્ત' પરિવાર સૌને પાઠવે છે.

કૉલેજો તથા ભવનોમાં નવરાત્રિની ઉલ્લાસભેર ઉજવણી, યુવક મહોત્સવની વિવિધ સ્પર્ધાઓ તથા આંતરિક કસોટીઓના આયોજન સાથે સપ્ટેમ્બર-ઑક્ટોબરનો સમયગાળો પ્રવૃત્તિઓથી ભરચક રહ્યો. સાથે સાથે ૨૦૦૬-૦૭ શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્રની સમાપ્તિ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. પરિમલભાઈ ત્રિવેદી દ્વારા અનેકવિધ નવા અભ્યાસક્રમોની જાહેરાત, એકેડેમિક કાઉન્સિલની રચના તથા છ વિદ્યાશાખાઓના ડીનશ્રીની ચૂંટણીની કામગીરીની સમાપ્તિ સાથે થઈ રહી છે. યુનિવર્સિટી સંચાલક મંડળના વિવિધ સત્તામંડળો સુમેળથી યુનિવર્સિટીના ભાવિ વિકાસમાં સક્રિય ફાળો આપે તથા ગુજરાતની આ સૌથી મોટી યુનિવર્સિટી શિક્ષણના ક્ષેત્રમાં નવી ક્ષિતિજો ભણી ઝડપી પ્રગતિ કરે તેવી આ નૂતન વર્ષે આપણે સૌ પ્રાર્થના કરીએ.

આપણો યુવક મહોત્સવ ૨૦૦૬-૦૭ ત્રણ ઝોન તથા અંતમાં ઇન્ટર ઝોનલ સ્પર્ધાઓ સાથે ૧૦ ઑક્ટોબર, ૨૦૦૬ના રોજ સંપન્ન થયો. મહોત્સવના આયોજનમાં તથા સફળ સંચાલનમાં યજમાન કૉલેજોના સંચાલક મંડળ, અધ્યાપકો, વહીવટી કર્મચારી, વિદ્યાર્થીઓએ ખૂબ સુંદર સેવા આપી. સ્પર્ધાઓને 'મહોત્સવ'નું સ્વરૂપ આપવાના કુલપતિશ્રી પરિમલભાઈ ત્રિવેદીના સંકલ્પને પરિપૂર્ણ કરવા માટે યુનિવર્સિટી યુવક કલ્યાણ વિભાગ, તમામ યજમાન કૉલેજો તથા અનેક શુભેચ્છકોએ સુંદર તાલમેલ સાધ્યો. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ સમગ્ર વાતાવરણને જીવંત બનાવી દીધું. સૌ સહભાગીઓ આ માટે અભિનંદનને પાત્ર છે.

'વિદ્યાવૃત્ત' માટે ઘણી સંલગ્ન કૉલેજોએ પોતાની પ્રવૃત્તિઓ અંગે માહિતી મોકલી છે, તેનાથી આ અંક વધુ માહિતીસભર બન્યો છે.

અંતમાં, પ્રકાશનું આ દિપાવલી પર્વ, જ્ઞાનના પ્રકાશથી આપ સૌનાં જીવન વધુ ઉજ્જ્વલ બનાવે તેવી પ્રાર્થના સાથે વિરમું છું.

**રાજસી ક્લાર્ક**

## કુલપતિશ્રીની કલમે...



'વિદ્યાવૃત'ના સૌ વાચકો, સેનેટ સભ્યો, સિન્ડીકેટ સભ્યો, અધ્યાપકો, વહીવટી કર્માચારીમિત્રો તથા ગુજરાત યુનિવર્સિટી પરિવારનાં સૌને પ્રકાશના પારંપરિક પર્વ દિપાવલીની શુભકામનાઓ ! નૂતન વર્ષ આપ સૌ માટે જ્ઞાન તથા સુખાકારીનો સંદેશ લઈને આવે, તેવી મંગલકામનાઓ અત્રે પાઠવું છું.

યુવક મહોત્સવ ૨૦૦૬-૦૭નું તાજેતરમાં જ ઝોનલ તથા ઈન્ટર ઝોનલ કક્ષાએ આપણી યુનિવર્સિટી દ્વારા સફળ આયોજન તથા સંચાલન કરવામાં આવ્યું. યજમાન કૉલેજના સંચાલકમંડળો, અધ્યાપકમિત્રો તથા કર્મચારી ભાઈ-બહેનો અને વિદ્યાર્થીઓએ સાચા અર્થમાં 'ટીમ સ્પિરીટ'નાં દર્શન કરાવી, નવી આશાઓ જન્માવી. આપણા વિદ્યાર્થીઓને આ પ્રકારની સ્પર્ધામાંથી સાંપડેલો અનુભવ એક ભાથા સમાન બની રહેશે તથા ભાવિના પડકારોને ઝીલવામાં અમૂલ્ય રહેશે, તેની મને ખાતરી છે.

વિકાસની નવી કેડીઓ કંડારવાના ભાગરૂપે નવા સમયની માંગને ધ્યાનમાં રાખીને મૅડિકલ ટુરિઝમ, હોટેલ મૅનેજમૅન્ટ, માસ કૉમ્યુનિકેશન, ફોટો જર્નાલિઝમ જેવા અનેક નવા અભ્યાસક્રમો ઘડવાની પ્રક્રિયા આપણી યુનિવર્સિટી દ્વારા સક્રિય વિચારણા હેઠળ છે. ફોરેન્સિક સાયન્સ તથા પોર્ટ મૅનેજમૅન્ટના અભ્યાસક્રમોનો પ્રારંભ થઈ ચૂક્યો છે. વહીવટને ઝડપી તથા સરળ બનાવવા નવાં બસો-પચીસ કમ્પ્યૂટર્સ વસાવવામાં આવ્યાં છે. કેમ્પસમાં આવેલા Internet Access Centreના માધ્યમથી વિદ્યાર્થીઓ નવી ટેક્નોલૉજીનો જ્ઞાનની ક્ષિતિજો વિસ્તારવા માટે સુંદર ઉપયોગ કરી રહ્યા છે.

નવા વર્ષે આપણે જે રાજ્ય અને રાષ્ટ્રમાં જન્મ્યાં છીએ એની કીર્તિ અને સમૃદ્ધિની કામના કરીએ :

'प्रादुर्भूतोऽस्मि सुराष्ट्रेऽस्मिन् कीर्तिमृद्धिं ददातु मे ।'



*As the soil, however rich it may be, cannot be productive without cultivation, so the mind without culture can never produce good fruit.*

Seneca

*Culture is the widening of the mind and of the spirit*

Jawaharlal Nehru

# ભવનોની ગતિવિધિ

## ભાષા–સાહિત્ય ભવન

□ તા. ૫ સપ્ટેમ્બર, ૨૦૦૬ના દિવસે **'શિક્ષક-દિન'** નિમિત્તે ભાષા સાહિત્યભવનના સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી, ઉર્દૂ-પર્શિયન વગેરે વિભાગો દ્વારા આયોજિત કાર્યક્રમોમાં સૌ વિદ્યાર્થીઓએ સક્રિય ભાગ લીધો તથા પોતાની પસંદગીનાં કાવ્યો, નાટકો, વિવેચનીય વિષયો, સિદ્ધાન્તો લઈને પોતાના જુનિયર વિદ્યાર્થીઓના વર્ગોમાં જઈને અધ્યાપન કાર્ય કર્યું તથા અધ્યાપકશ્રીઓએ પોતાના આ ભાવિ **'અધ્યાપકો'**ની શૈલીનો, રૂબરૂ મુલાકાત લઈને આનંદ માણ્યો.

□ તા. ૭મી સપ્ટેમ્બર, ૨૦૦૬ના રોજ वन्दे मातरम् રાષ્ટ્રગીતના સમૂહગાનનો એક ભવ્ય મનોહારી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં આરંભે ભાષાભવનના પ્રોફે. ડૉ. શ્રી રંજનાબેન હરીશે સૌ અધ્યાપકો અને વિદ્યાર્થીઓને **वन्दे मातरम्** નું ગાન કરાવ્યું. બીજા તબક્કે, તે જ ગીતનું સાદ્યન્ત અખંડ ગાન રજૂ કર્યું. તે પછી, ભાષાભવનના નિયામક શ્રી વસન્ત ભટ્ટે તે રાષ્ટ્રગીતનો ગુજરાતીમાં અનુવાદપૂર્વક આસ્વાદ કરાવ્યો અને ત્રીજા તબક્કે, ડૉ. રંજનાબેન હરીશે ફરીથી એ જ ગીતનો મહર્ષિ શ્રી અરવિન્દ ઘોષે કરેલો અંગ્રેજી અનુવાદ, તેમણે પોતે દેશી રાગમાં કમ્પોઝ કરેલો ગાન સાથે પ્રસ્તુત કર્યો અને છેલ્લે ફરીથી એક વાર આખા ભાષાભવને वन्दे मातरम् નો સામૂહિક પાઠ કર્યો.

□ ગુજરાતી ભાષાના મૂર્ધન્ય વિદ્વાન પદ્મશ્રી પૂજ્ય કે. કા. શાસ્ત્રીજી, ભાષાભવનના ભૂતપૂર્વ નિયામકશ્રી ડૉ. રમણલાલ જોશી અને ગુજરાતી સાહિત્યના સમર્થ હાસ્યલેખક તથા વ્યંગકાર અને 'કક્કો બારાખડી'ના કટાર લેખક પ્રા. શ્રી બકુલભાઈ ત્રિપાઠીની શોકસભા તા. ૧૫-૯-૦૬ના રોજ ભાષાભવનના સભાખંડમાં રાખવામાં આવી હતી. જેમાં સાહિત્યના સૌ વિદ્યાર્થીઓ અને સૌ અધ્યાપકોએ ઉપસ્થિત રહીને તે વિદ્વાનોને શ્રદ્ધાંજલિ આપી. ડૉ. સતીશ વ્યાસે ગુજરાતી ભાષા સાહિત્યમાં એમના પ્રદાનની વાત કરીને 'ગુણાનુવાદ' કર્યો હતો.

## ગુજરાતી વિભાગ

**ભાષા સાહિત્ય ભવનના ગુજરાત વિભાગ દ્વારા**
**સ્વ. કવિ શ્રી રમેશ પારેખના ગીતોનું પારાયણ**

ભાષા સાહિત્ય ભવનમાં તા. ૨૫-૯-૦૬ને સોમવારના રોજ ગુજરાતી વિભાગે સદ્‌ગત કવિ શ્રી રમેશ પારેખની શ્રદ્ધાંજલિ નિમિત્તે 'શ્રી રમેશ પારેખના ગીતોનું પારાયણ'નો કાર્યક્રમ યોજ્યો હતો.

આ કાર્યક્રમની શરૂઆત બપોરે ૧:૦૦ કલાકે થઈ હતી. ગાયકવૃંદ તરીકે કાંકળપુર કૉલેજના પ્રિન્સિપાલ શ્રી ઋષભ મહેતા, આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજ-ગોધરા કૉલેજના પ્રોફેસર શ્રી ગાયત્રીબેન મહેતા, કાંકળપુર કૉલેજના ગુજરાતી વિભાગના પ્રોફેસર શ્રી જૈમિનીકુમાર શાસ્ત્રી, શ્રી કેતનભાઈ પટેલ તથા અતિથિવિશેષ તરીકે ગુજરાત યુનિવર્સિટીના કુલસચિવ શ્રી એ. વી. ભાંડારી ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતી વિભાગના અધ્યક્ષ શ્રી કીર્તિદાબેન શાહે મહેમાનોનો પરિચય તથા શાબ્દિક સ્વાગત કર્યું હતું. અન્ય મહાનુભાવોમાં સાહિત્યકાર શ્રી ચિનુ મોદી, નાટ્યવિદ્ શ્રી સતીશ વ્યાસ, એકૅડેમિક સ્ટાફ કૉલેજના નિયામક શ્રી પ્રસાદ બ્રહ્મભટ્ટ વગેરે હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં ગુજરાતી વિભાગના એમ. એ. ભાગ : ૧-૨ના વિદ્યાર્થીઓએ રમેશ પારેખની રચનાઓનું પઠન કર્યું હતું. એ રચનાઓમાં 'રાણી સોનાંદેનું મરશિયું' એ રચના વિદ્યાર્થીઓએ સમૂહગાનમાં અદ્‌ભુત રીતે રજૂ કરી હતી.

કવિતાના પઠન બાદ ગાયક બેલડી શ્રી ઋષભ મહેતા અને શ્રી ગાયત્રી મહેતાએ પોતાના કંઠના કામણથી રમેશ પારેખની રચનાઓને સંગીતમય સ્વર સાથે રજૂ કરી શ્રોતાઓના હૈયાને ડોલાવી દીધાં હતાં. ગાયન કાર્યક્રમના સંચાલક શ્રી જૈમિનીકુમાર શાસ્ત્રીએ કાર્યક્રમનું સંચાલન શેર શાયરીઓથી આગવી શૈલીમાં પોતીકી અદાથી કર્યું હતું અને રમેશ પારેખના કાવ્યસંગ્રહ 'છ અક્ષરનું નામ' એ વિશે થોડી વાત કરી હતી. તબલાવાદક શ્રી કેતનભાઈ પટેલ કાવ્યના સૂરમાં તબલાનો સૂર પૂરાવ્યો હતો. ગાયકવૃંદે શ્રોતાઓની ફરમાઈશના ગીતો પણ રજૂ કર્યાં હતાં. વિદ્યાર્થીઓએ આનંદવિભોર બની કાવ્યરસને માણ્યો હતો અને અવર્ણનીય આનંદ પ્રગટ કર્યો હતો.

કાર્યક્રમના સમાપનમાં ગુજરાતી વિભાગના પ્રોફેસર શ્રી ચીમનભાઈ કોળીએ આ કાર્યક્રમને પ્રોત્સાહન આપનાર સંસ્થાઓનો આભાર માન્યો હતો અને સમગ્ર કાર્યક્રમમાં હાજર રહેલા વિદ્યાર્થીઓનો આભાર માની ૩:૩૦ કલાકે કાર્યક્રમ સંપૂર્ણ જાહેર કર્યો હતો.

(આલેખ - સુરેશ જી. વાઘેલા ભાષા સાહિત્ય ભવન) □

## ઉર્દૂ–ફારસી વિભાગ

સમાજ અને શિક્ષણનાં બદલાતાં પ્રવાહોને લક્ષ્યમાં લઈને 'શિક્ષક-દિન'ની ઉજવણી માટે ઉર્દૂ-ફારસી વિભાગ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આ નિમિત્તે ઉર્દુ અને હિન્દીનાં ખ્યાતનામ સાહિત્યકાર 'ક્રિષ્નચંદ્ર' અને તેમના સાહિત્ય ઉપર વિભાગ દ્વારા એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.

ક્રિષ્નચંદ્ર એક એવા વિદ્વાન લેખક છે કે જેઓ સ્વસ્થ સમાજની રચના માટે હંમેશાં પ્રયત્નશીલ રહ્યા છે. તેમણે પોતાના સાહિત્યને 'અદબ બરાયે ઝિંદગી બનાવ્યાનો પ્રયાસ કર્યો છે. એમની સર્જન-શક્તિ ખૂબ વિશાળ છે અને એમનું યોગદાન ઉર્દૂ અને હિન્દી બંને ભાષાઓમાં નોંધનીય છે.

પાંચમી સપ્ટેમ્બરે શિક્ષક દિન નિમિત્તે 'ક્રિષ્નચંદ્ર' સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું પ્રમુખ સ્થાન ભાષા-સાહિત્ય ભવનનાં અધ્યક્ષ ડૉ. વસંતભાઈ ભટ્ટે શોભાવ્યું. અતિથિવિશેષ તરીકે હિન્દી વિભાગનાં અધ્યક્ષ ડૉ. રંજના અરગડે બિરાજમાન હતા અને મુખ્ય મહેમાન તરીકે ડૉ. સલોનીબેન જોષીએ હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન M.A.ની વિદ્યાર્થિની અન્સારી રઝિયાએ કર્યું.

કાર્યક્રમનો શુભારંભ પ્રાર્થનાથી કરવામાં આવ્યો. ત્યાર બાદ ઉર્દૂ વિભાગના અધ્યક્ષ ડૉ. ચાંદબીબી શેખે ક્રિષ્નચંદ્રના સાહિત્ય વિશે સવિસ્તર ચર્ચા કરી. કાર્યક્રમનાં અધ્યક્ષ ડૉ. વસંતભાઈ ભટ્ટે શિક્ષણ-દિનની યથાર્થતા સમજાવી અને એ વાત ઉપર ભાર મૂક્યો કે આજના યુગમાં ગુરુ-શિષ્યની ભાવનાને આદર અને માનપૂર્વક જોવામાં આવે તે હેતુને પાર પાડવા માટે શિક્ષક દિન નિમિત્તે આવાં ઉત્તમ કાર્યો ખૂબ પ્રશંસાને પાત્ર છે.

આ સેમિનારમાં ક્રિષ્નચંદ્રની વિવિધ રચનાઓ અંગે ઉર્દૂ-ફારસી વિભાગની વિદ્યાર્થિનીઓએ વિસ્તારપૂર્વક ચર્ચા કરી તથા પોતાના સંશોધન લેખો રજૂ કર્યા.

આ વિદ્યાર્થિનીઓમાં શેખ રૂબીના અન્સારી રઝિયા, બિસલપુરવાલા શબાના, શેખ કૌશર, અન્સારી શીરીન, અન્સારી મુમતાઝ, અન્સારી ફરઝાના, અન્સારી અંજુમ, અન્સારી શાહનવાઝ, કાદરી શીરીન, શેખ શબીના, સૈયદ શગુફ્તા, શેખ શાહાના. વગેરેનો સમાવેશ થાય છે.

વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ક્રિષ્નચંદ્રનાં સાહિત્યને સમજપૂર્વક માણ્યું. અંતમાં શેખ નાઝેમાએ આ કાર્યક્રમ વિષે પોતાના પ્રતિભાવો રજૂ કર્યા અને છેવટે અન્સારી સેહલાએ આભાર દર્શન કર્યું.

(માહિતી સૌજન્ય : ડૉ. ચાંદબીબી શેખ)

❑

## સમાજવિદ્યા ભવન

**સ્વ. પ્રો. દેવવ્રત પાઠકસાહેબને શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ**

તા. ૮મી સપ્ટેમ્બર ૨૦૦૬ના રોજ પ્રો. દેવવ્રત પાઠક, પૂર્વ અધ્યક્ષ સમાજ વિદ્યાભવનનું દુ:ખદ અવસાન થયું છે.

તા. ૧૬/૯/૨૦૦૬ના રોજ સમાજ વિદ્યાભવનના અધ્યક્ષ પ્રો. વી. પી. ભારદ્વાજના અધ્યક્ષપદે, રાજ્યશાસ્ત્ર વિભાગના ભૂતપૂર્વ વડા તથા સમાજવિદ્યા ભવનના પૂર્વ અધ્યક્ષ પ્રો. દેવવ્રત પાઠક સાહેબને શોકાંજલિ આપવા માટે એક સભા મળી હતી. આ શોકસભામાં સમાજવિદ્યા ભવનના વર્તમાન અધ્યાપકો, કર્મચારીઓ, ભૂતપૂર્વ અધ્યાપકો તથા રાજ્યશાસ્ત્રના વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

વિવિધ વક્તાઓએ પ્રો. પાઠક સાહેબનાં સ્મરણો યાદ કરી તેના વ્યક્તિત્વનાં જુદાં જુદાં પાસાંઓને ઉજાગર કર્યાં હતાં.

ઇતિહાસ વિભાગના ભૂતપૂર્વ પ્રોફેસર ડૉ. આર. એલ. રાવલે, પ્રો. પાઠકસાહેબની શૈક્ષણિક સજ્જતા, નેતૃત્વની આગવી શૈલી, માનવીય ગુણો, લોકશાહી અને ઉદારવાદી વલણ અને સૌથી વિશેષ ઇતિહાસ, રાજનીતિ તથા વિશ્વરાજકારણના ઊંડા જ્ઞાનને બિરદાવ્યા હતા. સમાજશાસ્ત્ર વિભાગના પૂર્વ અધ્યક્ષ ડૉ. વિમળભાઈએ પાઠકસાહેબ સાથે ક્યારેક વહીવટી બાબતો અંગે મતભેદ પડતા છતાં તેઓ ઉદાર દિલ અને ખેલદિલીથી, મનમાં દ્વેષ કે રંજ રાખ્યા વગર પૂરતી સગવડ અને સ્વતંત્રતા આપતા હતા, એવું અવલોકન કર્યું હતું.

રાજ્યશાસ્ત્ર વિભાગના નિવૃત્ત અધ્યાપક પ્રો. સિદ્ધાર્થ-ભાઈ ભટ્ટે તેની લાક્ષણિક શૈલીમાં પાઠકસાહેબના વ્યક્તિત્વ તથા કાર્યશૈલીનાં આગવાં લક્ષણોની માંડીને વાત કરી. પ્રો. સિદ્ધાર્થભાઈએ કહ્યું કે, પાઠક સાહેબે શિકાગો યુનિ.માં હાન્સ મોરગન્થો પાસે વર્તનવાદના ખ્યાલો ભણ્યા, ભણાવ્યા અને લેખન કર્યું, પરંતુ તેમને પશ્ચિમી શૈલીનો રંગ ન લાગ્યો, કારણ કે તેઓના મૂળિયાં ભારતીય સંસ્કારમાં પડેલાં હતા તથા તેઓ હિન્દુ પરંપરા તથા ગાંધી વિચારથી આકર્ષાયા હતા.

રાજ્યશાસ્ત્ર વિભાગના અન્ય નિવૃત્ત અધ્યાપક પ્રો. દિનેશભાઈ શુક્લે પાઠક સાહેબના જીવનનાં મોટા ભાગનાં મહત્ત્વનાં પાસાંઓને સંક્ષિપ્તમાં પણ બહુ જ સુંદર રીતે ઉપસાવી આપ્યાં. દિનેશભાઈએ કહ્યું કે, પાઠક સાહેબનું વ્યક્તિત્વ બહુ આયામી હતું. તેઓ એક સારસ્વત કુટુંબમાંથી આવતા હતા. તેઓ શિક્ષણ અને સંગીતનો ઉત્તમ વારસો ધરાવતા હતા. જગતનો ઇતિહાસ, આંતરરાષ્ટ્રીય રાજકીય ઘટનાઓ, ભારતની વિદેશનીતિ, પંડિત નહેરુની ભૂમિકા વગેરેના તેઓ અઠંગ અભ્યાસી અને વિશ્લેષક હતા. તેઓની રજૂઆતની શૈલી રોચક હતી. તેઓ ક્લાસરૂમમાં હોય કે સેમિનાર ખીલી ઊઠતાં હતાં. ૧૯૮૦માં પાઠક સાહેબ નિવૃત્તિ પછી ગુજરાત વિદ્યાપીઠના શાંતિ સંશોધન કેન્દ્રમાં જોડાયા ને એક અર્થમાં તેમનો 'વૈચારિક પુનર્જન્મ' થયો. તેઓ ગાંધી વિચાર અને ગાંધી દર્શન પ્રત્યે ખાસ્સા આકર્ષાયા. ગાંધી વિચારની અસર થકી જ છેલ્લા બેએક દાયકા દરમિયાન એક પ્રખર અને તેજસ્વી બૌદ્ધિકમાંથી જાહેર જીવનનાં કેટલાંક

જીવનધારક મૂલ્યો પ્રત્યે ઊંડી નિસ્બત ધરાવતા એક કર્મશીલ તરીકે પાઠક સાહેબનું રૂપાંતર થયું. PUCLના તેઓ સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ અને ગુજરાત એકમના પ્રમુખ હતા. ઉપરાંત તેઓ ગુજરાત અને અમદાવાદની વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા. ગુજરાત રાજ્યશાસ્ત્ર મંડળના તેઓ સ્થાપક પ્રમુખ હતા. ૧૯૫૪થી રાજ્યશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ અને ૧૯૭૦થી સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ તરીકે પાઠકસાહેબે રાજ્યશાસ્ત્ર વિભાગ અને સમાજવિદ્યા ભવનને ઉજ્જવળ નેતૃત્વ પૂરું પાડ્યું. ૧૯૭૮માં તેમની નિમણૂક સૌરાષ્ટ્ર યુનિ.ના કુલપતિ તરીકે થઈ હતી.

સમાજવિદ્યા ભવનના નિવૃત્ત પ્રાધ્યાપકો સર્વશ્રી ડૉ. ઉષાબેન ભટ્ટ, ડૉ. જયશ્રીબેન ઠાકોર, ડૉ. મસીહી, ડૉ. પી. કે. દવે તથા પ્રા. રક્ષાબેન, પ્રા. સુનીતાબેન અને પ્રા. ભીખુભાઈ પ્રજાપતિ વગેરેએ પોતાની લાગણી વ્યક્ત કરી સ્મરણાંજલિ આપી હતી. સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ અને સભાના પ્રમુખ પ્રો. ભારદ્વાજ સાહેબે પોતાનાં સંસ્મરણો વાગોળી અંતે શોક ઠરાવ વાંચી સંભળાવ્યો હતો અને ત્યાર પછી સ્વ. દેવવ્રત પાઠક સાહેબના આત્માની શાંતિ માટે સભાએ બે મિનિટનું મૌન પાળ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને તેનું સંચાલન રાજ્યશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ પ્રા. સરમણ વી. ઝાલાએ કર્યું હતું.

(આલેખ : પ્રા. સરમણ વી. ઝાલા)

❑

## WORK SHOP ON 2001 CENSUS DATA DISSEMINATION

તા. ૭મી સપ્ટેમ્બર, ૨૦૦૬ ના રોજ ગુજરાત યુનિવર્સિટીના સેનેટ હૉલમાં ભારત સરકારના ગૃહ મંત્રાલયના વસ્તીગણતરી નિયામક, ગુજરાતના ઉપક્રમે '2001 Census : Data Dissemination' એક દિવસીય કાર્યશાળા યોજાઈ હતી.

આ કાર્યશાળાનું ઉદ્‌ઘાટન માનનીય કુલપતિશ્રી ડૉ. પરિમલ ત્રિવેદીએ દીપ પ્રગટાવી કર્યું હતું. અને તેઓશ્રીએ વિષય અનુરૂપ પ્રવચન કર્યું હતું. ત્યાર બાદ વસ્તીગણતરી નિયામક, ગુજરાત-અમદાવાદના સંયુક્ત નિયામક શ્રી એચ. એસ. મીનાએ ૨૦૦૧ની વસ્તી વિષયક આંકડાકીય માહિતીનું પૃથક્કરણ કર્યું હતું. અને તેમાં ગુજરાત અને અમદાવાદ શહેરની વસ્તીગણતરી તેમજ પાયાની મૂળભૂત જરૂરિયાતો અંગેની વિસ્તૃત છણાવટ કરી હતી.

આ કાર્યશાળામાં સમાજવિદ્યા ભવનના અર્થશાસ્ત્ર વિભાગના અધ્યાપક ડૉ. અર્ચનાબેન ધોળકિયાએ 'વસ્તી વિસ્ફોટ' અંગેની થિયરીના આધારે ૨૦૦૧ વસ્તીગણતરીનો આધાર લઈને વસ્તી વિસ્ફોટની સમસ્યાઓ અને તેનાં કારણોની છણાવટ કરી હતી. આ ઉપરાંત આ જ ભવનના સમાજશાસ્ત્ર વિભાગના અધ્યાપક ડૉ. ગૌરાંગ જાનીએ તેમના પ્રવચનમાં જાતિ ગુણોત્તર (Sex ratio) અંગે ૨૦૦૧ની વસ્તી વિષયક માહિતીની આધારે વિસ્તૃત છણાવટ કરી હતી.

આ કાર્યશાળામાં સમાજવિદ્યા ભવનના અધ્યાપકો તથા અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ તેમજ C.D.C અને પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો. ❑

## લેબર વેલ્ફેર વિભાગ

મજૂર કલ્યાણ વિભાગ, સમાજવિદ્યા ભવન ખાતે સાંપ્રત સમયની જરૂરિયાતોને લક્ષ્યમાં લઈને વિભાગીય વડા ડૉ. રાજસી ક્લાર્કના માર્ગદર્શન હેઠળ અને વ્યાખ્યાતા શ્રીમતી અલ્પાબેન મહેતા તથા ફિલ્ડવર્ક આસિસ્ટન્ટ શ્રીમતી સુહાસિની શાસ્ત્રીના સફળ પ્રયત્નો દ્વારા તા. ૬, ૭, ૮ સપ્ટેમ્બર ૨૦૦૬ દરમિયાન વિદ્યાર્થીઓનાં વ્યક્તિત્વ વિકાસ તથા જીવનઉપયોગી જુદા-જુદા વિષયો ઉપર ત્રિ-દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યશાળાનું આયોજન નોર્થ અમદાવાદ જેસિસ ગ્રુપના સહકાર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં તેઓની તરફથી વિદ્યાર્થીઓને સર્ટિફીકેટ પણ એનાયત કરવામાં આવ્યાં હતાં. તેમ જ Active participation માટે બે વ્યક્તિગત ઇનામો પણ આપવામાં આવ્યા હતાં. જેમાં Jr. MLWના શ્રી મહેશ મેનન અને કુ. ભાવના મોતાનીએ ઈનામ મેળવ્યાં હતાં.

કાર્યશાળા અંતર્ગત આવરી લેવામાં આવેલ વિષયોમાં Know your self, Creativity, Interview Techniques, How to lead group discussion, team building, time management, positive mental attitude વગેરે... નો સમાવેશ કરવામાં આવ્યો હતો.

ઉપરોક્ત તમામ વિષયો માટે જેસિસ નોર્થ અમદાવાદ તરફથી જે તે વિષયોના નિષ્ણાતોને બોલાવીને કાર્યક્રમને રોચક બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો તથા ભવિષ્યમાં પણ મજૂર કલ્યાણ વિભાગ સાથે આ પ્રકારની વિકાસાત્મક પ્રવૃત્તિઓ કરી શકાય તેવી ખાતરી જેસિસ નોર્થ અમદાવાદના પ્રમુખ શ્રી સમીરભાઈ ઠાકરે વિભાગને આપી હતી. તા. ૮મી સપ્ટેમ્બરે કાર્યશાળાની સમાપ્તિ પ્રસંગે વિભાગીય વડા ડૉ. રાજસીબેન કલાર્કે જેસિસ ગ્રુપનો વિભાગ વતી આભાર માન્યો હતો તથા વિદ્યાર્થીઓને કાર્યશાળા દ્વારા મેળવેલ જ્ઞાનનો જીવનમાં પ્રગતિ માટે ઉપયોગ કરવા સૂચન કર્યું હતું.

(આલેખ : સુહાસિની શાસ્ત્રી, ફિલ્ડવર્ક આસિ., મજૂર કલ્યાણ વિભાગ)

❑

### 'શિક્ષક દિન'ની ઉજવણી

લેબર વેલ્ફેર વિભાગમાં તા. ૫-૯-૦૬ના રોજ શિક્ષક દિનની ઉજવણીનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

વિભાગના વિદ્યાર્થી શ્રી ગૌતમ પટેલ દ્વારા, સિનિ. તેમ જ જુનિ. એમ.એલ.ડબલ્યૂનાં સમૂહ સેશનમાં 'ચાઇલ્ડ લેબર'ના વિષય ઉપર તથા કુ. મિતલ ઝવેરીએ 'ગ્રિવન્સ હેન્ડલિંગ'ના વિષય ઉપર વર્ગો લીધા હતા.

એમ.એલ.ડબલ્યૂના વિદ્યાર્થીઓએ તેમનાં વર્ગોને સુંદર રીતે શણગારીને તેમાં શિક્ષકનું મહત્ત્વ દર્શાવતાં સુવાક્યો લખ્યાં હતા. વિદ્યાર્થીઓએ ડિપાર્ટમેન્ટના અધ્યાપકો ડૉ. (શ્રીમતી) રાજસી ક્લાર્ક ડૉ. (શ્રીમતી) સુજાતા સોની, શ્રીમતી અલ્પા મહેતા તેમ જ ફિલ્ડ વર્ક આસિસ્ટન્ટ શ્રીમતી સુહાસિની શાસ્ત્રીનું સ્વાગત કરી તેમને પુષ્પગુચ્છ તેમ જ કાર્ડ આપી શિક્ષકદિન નિમિત્તે આશિર્વચન આપવા વિનંતી કરી હતી.

વિભાગના વડા ડૉ. શ્રીમતી રાજસીબહેન ક્લાર્કે પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેનાં નિઃસ્વાર્થ સંબંધોને બિરદાવતા શિક્ષકની વિદ્યાર્થી તથા સમાજ પ્રત્યેની જવાબદારી અંગે માહિતી આપી હતી.

❑




બોટની વિભાગ દ્વારા બાયો-ઇન્ફર્મેટિક્સ તથા પ્લાન્ટ ટિસ્યુકલ્ચરના અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમોના પ્રારંભ પ્રસંગે ઉપસ્થિત કુલપતિ ડૉ. પરિમલ ત્રિવેદી તથા અન્ય મહાનુભાવો.

## K. S. School of Business Management

The events of Teachers' Day and singing of Vandematram were conducted with great enthusiasm by teachers and students at K. S. School of Business Management.

Anuja A. Shah is selected as the **Campus Ambassador for Infosys BPO** from K.S. School of Business Management. The selection process consisted of a Group Discussion and personal interview. As the Campus Ambassador, she will be the interface between the School and Infosys BPO. A 5-day training commencing on 25th September, 2006 at Banglore and Mysore consisting of presentation, skill upgradation and interaction and meetings with the Executives of the top management of Infosys. This is a national level event where 64 brand ambassadors from across the nation and globe are selected for the same.

## SCHOOL OF SCIENCE
## BOTANY DEPARTMENT

The new academic year began with the announcement of new Post Graduate Diploma Courses. The courses, namely Post Graduate Diploma in Bioinformatics and Post Graduate Diploma in Plant Tissue Culture generated a great interest among students from all disciplines of biological sciences. The courses were formally inaugurated on Wednesday, 23rd August 2006 by Dr. P. N. Bhatt, Director, Sun Agrigenetics – Baroda. Dr. P. H. Trivedi, Vice Chancellor Gujarat University, Ahmedabad delivered the Presidential address and Prof. U. C. Pande, Director, School of Sciences gave his blessings. The staff and students of the School of Sciences benefited from all the three eminent speakers.

Gujarat University Botanical Society (GUBS), a society of all those who are interested in the field of Botany, with staff and students as members, was inaugurated. Prof. Savita R. Gandhi, Head, Computer Science Department was present in the welcome function of this academic year. This year, Dr. Himanshu Pandya is the staff – in – charge for the various GUBS activities under the guidance of Dr. Yogesh Jasrai, Head, Botany Department and Patron, GUBS. The members were delighted to hear Prof. Savita Gandhi's guidelines on the issues pertaining to one and all.

The students of Botany Department celebrated the Teacher's day on 5th September 2006 by felicitating and warmly greeting their teachers. They actively participated in the seminars that day and best speakers were selected in each class. The students and the faculty members also spent some quality time together to mark the occasion.

On 7th September 2006, all the staff and students of the Botany Department gathered in the Seminar Room and sang the 'Vande Mataram' with a high patriotic spirit.

An invited lecture by Dr. M. R. Almeida, Director, Blatter Herbarium and an eminent Taxonomist was arranged. Dr. Almeida spoke on "Changing Trends in Taxonomy". The staff and students (more than 200) of not only the department but all colleges of Gujarat University participated and interacted with the speaker.

( Proff. Yogesh T. Jasrai Professor & Head Department of Botany )

❑

## CHEMISTRY DEPARTMENT

A two year post graduate course in Forensic Science was inaugurated on 21st of August 2006 in the Chemistry Department, Gujarat University jointly by the Vice Chancellor Dr. Parimal H. Trivedi and the Director of Directorate of Forensic Science, shri J. M. Vyas. There are only very few universities in the country running such course and it is for the first time in Gujarat that such a highly professional and specialized course is being introduced by Gujarat University in collaboration with Directorate of Forensic Science, Gujarat.



Dr. Parimal Trivedi, Honourable Vice Chancellor, Gujarat University inaugurating Post Graduate Course in Forensic Science.

The course is based on Semester System with an intake of 20 students Graduates in science discipline of this university or any other university recognized as 15,000- per semester per student of general category and Rs. 50,000 per semester for 2 NRI seats. There are 4 theory papers and two practical papers in 1st, 2nd and 3rd semester while 4th semester is for dissertation work and case studies.

( Prof. (Mrs.) Shobhana K. Menon, Hon. Co-ordinator, M. Sc. Forensic Science )

❑

## CDC - CENTRE FOR DEVELOPMENTAL COMMUNICATION

**કાર્યશિબિરો**

સેન્ટર ફોર ડેલપમેન્ટ કોમ્યુનિકેશન (સી.ડી.સી.) વિભાગમાં સપ્ટેમ્બર મહિના દરમિયાન માસ્ટર ઇન ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે પપેટ તથા પ્રિન્ટ-પ્રેસ કાર્યશિબિરો તથા દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે ટી.વી. તથા રેડિયો કાર્યક્રમ નિર્માણની કાર્યશિબિરો યોજવામાં આવી. પપેટ કાર્યશિબિરનું સંચાલન જાણીતા પપેટિયર શ્રી મહિપત તથા લીલાબેન કવિએ કર્યું. પ્રિન્ટ-પ્રેસ કાર્યશિબિરનું સંચાલન દિવ્ય ભાસ્કરના શ્રી પ્રદીપ મલિકે કર્યું. પાંચ દિવસની આ કાર્યશિબિરમાં ટાઇમ્સ ઑવ ઈન્ડિયા, ઈકોનોમિક ટાઇમ્સ તથા દિવ્ય ભાસ્કરના વરિષ્ઠ પત્રકારોએ વ્યાખ્યાનો આપ્યાં. રેડિયો કાર્યશિબિરનું સંચાલન આકાશવાણી, અમદાવાદ કેન્દ્રના શ્રી સાદિકનૂર પઠાણે કર્યું, જેઓએ આકાશવાણીના ઉચ્ચ અધિકારીઓ તથા નિર્માતા, એન્જીનિયર્સને વ્યાખ્યાન માટે આમંત્ર્યા. ટી.વી. પ્રોડક્ષન કાર્યશિબિર દરમિયાન ઈ.એમ.એમ.આર.સી. તથા ડેકુ-ઈસરોના નિર્માતા, કૅમેરામેન, એન્જિનીયર, સાઉન્ડ રેકોર્ડિસ્ટ વગેરેના વ્યાખ્યાનો યોજાયાં. દરેક કાર્યશિબિરના અંતે વિદ્યાર્થીઓએ પપેટ શો, છાપાં માટેના વિવિધ વિભાગોનું રિપોર્ટિંગ, એડિટિંગ, રેડિયો કાર્યક્રમો - સમાચારનું નિર્માણ, ટી.વી. કાર્યક્રમોનું નિર્માણ કર્યું.

**શિક્ષક દિન**

પાંચમી સપ્ટેમ્બરે શિક્ષક દિનની ઉજવણી નિમિત્તે એમ.ડી.સી.-૨ના શ્રી મૌલિક રાવલ, શ્રી હેતલ પટેલ, શ્રી હર્ષ વાસનાનીએ એમ.ડી.સી.-૧ના વિદ્યાર્થીઓને વ્યાખ્યાનો આપ્યાં. સાતમી સપ્ટેમ્બરે વંદેમાતરમ્‌નું સમૂહગાન કર્યું તથા બીજા વર્ષના વિદ્યાર્થીઓએ સેનેટ હૉલમાં યોજાયેલ સેન્સસ ઑફ ઇન્ડિયા સેમિનારમાં ભાગ લીધો. ડિઝાઈન પ્લસ કંપની તરફથી વિભાગ ખાતે વિદ્યાર્થીઓને આધુનિક ટી.વી. સોફ્ટવેરનું નિદર્શન કરવામાં આવ્યું. તા. ૮ સપ્ટેમ્બરે ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન તરફતી ગાંધી વિચાર ઉપર એક દિવસના સેમિનારનું આયોજન વિભાગ ખાતે કરવામાં આવ્યું. જેમાં પ્રો. દિનેશ શુક્લ, પ્રો. સિદ્ધાર્થ ભટ્ટ તથા પ્રો. હેમંત શાહે વ્યાખ્યાનો આપ્યાં.

યુવક મહોત્સવની વિવિધ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો, જેમાંથી ક્વીઝ, પોસ્ટર મેકિંગ તથા કાવ્ય પઠનમાં હેતલ પટેલ, મૌલિક રાવળ, મેઘા સોલંકી, વૈદેહી ચોક્સી તથા પ્રેમ ગઢવીએ ઈનામો જીત્યાં.

તા. ૨૫ સપ્ટેમ્બરે એવી કોડના ઉપક્રમે સીઈઈ ખાતે

યોજાયેલ ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન - ચેલેન્જીસ સેમિનારમાં કો-ઓર્ડિનેટર તથા તમામ વિદ્યાર્થીઓએ સક્રિય ભાગ લીધો. તા. ૨૫ સપ્ટેમ્બરે ગુજરાત રાજ્ય વન વિભાગના અધિકારીઓએ વિભાગની મુલાકાત લીધી. કો- ઓર્ડિનેટર શ્રી માલતી મહેતાએ તેઓને કોમ્યુનિકેશન વિષયક વ્યાખ્યાન આપ્યું.

(સૌજન્ય : માલતી મહેતા - કા. કો., CDC)

❑

## એચ. કે. પ્રોફેશનલ ટ્રેનિંગ સેન્ટર

### જી. પી. એસ. સી. વર્ગ–૧, વર્ગ–૨ની પરીક્ષા માટેના વર્ગો

ગુજરાત યુનિવર્સિટીના એચ. કે. સેન્ટર ફોર પ્રોફેશનલ ટ્રેનિંગ ખાતે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આગામી દિવસોમાં લેવાનારી વર્ગ-૧ અને વર્ગ-૨ની ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષામાં વિદ્યાર્થીઓને મદદરૂપ થવાના આશય સાથે ચાર માસ માટેના 'માર્ગદર્શક વર્ગો'નો ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. પરિમલભાઈ ત્રિવેદીના દિશાદર્શન હેઠળ પ્રારંભ કરવામાં આવ્યો છે.

કુલપતિશ્રી ડૉ. પરિમલભાઈ ત્રિવેદી તથા રજિસ્ટ્રાર શ્રી અરવિંદભાઈ ભાંડારી દ્વારા જુદા જુદા આઠ વિષયના વર્ગો પ્રારંભ કરવા મંજૂરી આપવામાં આવી હતી.

એચ. કે. સેન્ટર ખાતે ઑગસ્ટથી પ્રારંભ કરવામાં આવેલા આ માર્ગદર્શક વર્ગોમાં સામાન્યજ્ઞાન ઉપરાંત જુદા જુદા આઠ વિષયો સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, રસાયણશાસ્ત્ર, માનસશાસ્ત્ર, ગુજરાતી, વાણિજ્ય અને ભૂગોળનું માર્ગદર્શન સાંજના ૬ થી ૮નાં સમયગાળા દરમિયાન પાંચ દિવસ આપવામાં આવે છે. આ માર્ગદર્શક વર્ગની ફી. માત્ર રૂ. ૩૦૦૦/-રાખવામાં આવી છે. ડિસેમ્બરના પ્રથમ પખવાડિયા સુધી આ વર્ગો ચાલશે. આ સ્પર્ધાત્મક પરીક્ષામાં સામાન્યજ્ઞાન વિષયને જુદા જુદા વિભાગોમાં વહેંચવામાં આવ્યો છે. આ છ વિભાગોમાં યુનિ.ના અધ્યાપકો સહિત વિષયનિષ્ણાતો માર્ગદર્શન આપી રહ્યા છે. હાલમાં ૫૧ જેટલા વિદ્યાર્થીઓ વર્ગમાં માર્ગદર્શન લઈ રહ્યા છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા ખૂબ જ ઓછી ફી લઈને વિદ્યાર્થીઓને ઉપયોગી થવાનો આ પ્રયાસ હાથ ધરાયો છે. આ સ્પર્ધાત્મક પરીક્ષામાં પાસ થઈ વિદ્યાર્થીઓ પોતાની ઉજ્જવળ વ્યવસાયિક કારકિર્દી બનાવે તેવો શુભ હેતુ આ વર્ગો પાછળ રહેલો છે.

#### ફ્રેન્ચ અને જર્મન ભાષાની ચાર બેચ પૂર્ણ

એચ. કે. સેન્ટર ફોર પ્રોફેશનલ ટ્રેનિંગ ખાતે ચાલતા ભાષા શિક્ષણના વર્ગોનો ૧લી મે થી પ્રારંભ થયો છે. સપ્ટેમ્બર માસમાં આ વર્ગોની ચાર બેચ પૂર્ણ થઈ છે. આ ચાર બેચમાં કુલ ૯૯ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હતો.

(૧) ફ્રેંચ ભાષા સર્ટિફિકેટ કોર્સ - A બેચ - ૨૫ વિદ્યાર્થીઓ

(૨) ફ્રેંચ ભાષા સર્ટિફિકેટ કોર્સ - A બેચ - ૨૨ વિદ્યાર્થીઓ

(૩) ફ્રેંચ ભાષા સર્ટિફિકેટ કોર્સ - A બેચ - ૪૧ વિદ્યાર્થીઓ

(૪) ફ્રેંચ ભાષા સર્ટિફિકેટ કોર્સ - B બેચ - ૧૧ વિદ્યાર્થીઓ

ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. પરિમલભાઈ ત્રિવેદીના દિશાદર્શન હેઠળ વિવિધ ભાષાઓનું જ્ઞાન મેળવવા માટે વિદ્યાર્થીઓએ ભારે ધસારો કર્યો હતો. દિવાળી બાદ જ્યારે ફરી આ વર્ગોને પ્રારંભ થાય ત્યારે પ્રવેશ મેળવવા માટે અનેક વિદ્યાર્થીઓ અગાઉથી નામ નોંધાવી ગયા છે.

ગુજરાત યુનિવર્સિટીના રજિસ્ટ્રારશ્રી અરવિંદભાઈ ભાંડારી દ્વારા પ્રારંભ કરાયેલ આ ભાષા શિક્ષણ સેન્ટરમાં ફ્રેન્ચ અને જર્મન માટે નિષ્ણાત અધ્યાપકોએ સેવા આપી હતી. ભવનના કર્મચારીઓ અને યુનિવર્સિટીના સહકારથી ચાર બેચ સંપન્ન કરી શકાઈ છે. દિવાળી બાદ ફ્રેંચ સર્ટિફિકેટ અને ડિપ્લોમાની નવી બેચનો પ્રારંભ કરવાનું આયોજન થઈ રહ્યું છે.

(સંકલન : ડૉ. જગદીશ ભાવસાર, માનદ્ સંયોજક)

❑

*When God thought of mother, He must have laughed with satisfaction, and framed it quickly - so rich, so deep, so divine, so full of soul, power and beauty, was the conception.*

Henry Ward Beecher

# અધ્યાપક આલમ

## પુસ્તક વિમોચન

ગુજરાત યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના ઇતિહાસ વિભાગના પ્રાધ્યાપિકા ડૉ. વિજયા બી. યાદવ લિખિત **'ગુજરાતની વિવિધ ધાતુ - પ્રતિમા'** નામના પુસ્તકનું વિમોચન બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાના પરમ સંત શ્રી પૂ. ડૉ. સ્વામીના વરદ્ હસ્તે તા. ૨૩-૭-૦૬ના કરવામાં આવ્યું થયું.

આ પુસ્તકમાં લેખિકાએ ગુજરાતની અલભ્ય અને અમૂલ્ય પ્રતિમાઓનું ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં સંશોધન કર્યું છે. જેમાં ઋષભનાથ, જીવંત સ્વામી, ચામરધારિણી, છઠ્ઠી સદીના બુદ્ધ અને રોમ શૈલીની અસરવાળી એટલાસની પ્રતિમા ધ્યાન ખેંચે તેવી છે.

❑

## Commerce Department

The European Association of South Asian Studies organized 19th European conference on Modern South Asian Studies in which a paper entired "Income Generation and Poverty Allievation : A Case study of Bank Scheme in India' in the panel on "fulfilling Millennium Development Goals, was presented by Dr. Vijaylaxmi-chari at University, the Netherlands in June 2006. This paper was co-authored with Mrs. Dharini S. Patel.

❑

## B.K. School of Business Management

A research paper titled "Role of a Woman Leader in Co-operative Dairy Movement - Story of NDDB–Empowering Women" was presented by Dr. V. K. Sapovadia on 15-08-2006 at International Co-operative Alliance Research Conference at Colombo, Sri Lanka. The paper was co-authored by Dr. Sarla Achuthan. The paper was offered fellowship by Japan Consumer Co-operative Institute.

Shri Narayan C. Baser, faculty member of B.K. School of Business Management is awarded Ph.D. degree in Management from Hemchandracharya North Gujarat University, Patan on September 14, 2006. He has prepared thesis on "Working Capital Management of the Selected Cement Companies in India" under the guidance of Prof. (Dr.) B.A. Prajapati.

❑

## Physics Department


Dr. P. D. LELE was invited as a speaker at The International Workshop on `Laboratory Innovations in Physics' held Ajmer (Rajasthan) on 11 & 12th August 2006. Dr. Lele delivered a talk on `Importance of including Project in Syllabus and Hobby Science Centers in Creating and Sustaining Interest in Science'.

Dr. Lele and Shri Sandip Trivedi of Physics Department, C. U. Shah Science College, Ahmedabad also demonstrated six experiments at the workshop.

❑

# અહેવાલ

## વિમેન્સ ડેવલપમેન્ટ સેલ, ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત એક દિવસીય ઓરિએન્ટેશન કોર્સનો સંક્ષિપ્ત અહેવાલ



ગુજરાત યુનિવર્સિટી વિમેન્સ ડેવલપમેન્ટ સેલ દ્વારા આયોજિત ઓરિએન્ટેશન કોર્સનો દીપપ્રાગટ્ય દ્વારા વિધિવત્ પ્રારંભ

વિમેન્સ ડેવલપમેન્ટ સેલ, ગુજરાત યુનિવર્સિટી દ્વારા શનિવાર, તા. ૨૬ ઑગસ્ટ ૨૦૦૬ના રોજ કૉલેજિયેટ વિમેન્સ ડેવલપમેન્ટ કમિટીઝના કન્વીનર્સ માટે એક દિવસીય ઓરિએન્ટેશનનું અમદાવાદ મૅનેજમેન્ટ ઍસોસિયેશનના સેમિનાર હૉલમાં આયોજન કરવામાં આવ્યું. ઓરિએન્ટેશનનો મુખ્ય હેતુ C.W.D.C.ના સંયોજકોને તેમના કર્તવ્યો, હક્કો ને ફરજો વગેરે વિશે માહિતગાર કરવાનો હતો.

સવારે નવ વાગ્યે એ એમ.એ.ના પ્રવેશદ્વાર આગળ Bird Womanનું પ્રતીકાત્મક અને પ્રેરણાત્મક બેનર જાણે કે C.W.D.C.ના કન્વીનરો અને આમંત્રિત મહેમાનોને ઊંચી ઉડાન ભરવાને માટે આમંત્રિત કરતું હતું.

સવારે ૯ થી ૧૦ દરમ્યાન રજિસ્ટ્રેશન બાદ પ્રથમ બેઠકનું આયોજન ૧૦ થી ૧૧.૪૫ વાગ્યા સુધી કરવામાં આવ્યું. બેઠકની શરૂઆત 'વુમન ઓ શક્તિ'ના સ્વાગત ગીત દ્વારા કરવામાં આવી. ડૉ. રૂપાલી બર્ક દ્વારા ગાવામાં આવેલ આ ગીતમાં હાજર રહેલ સર્વેએ પોતાનો સૂર પુરાવ્યો ત્યારે **'મિલે સૂર મેરા તુમ્હારા તો સૂર બને હમારા'**નું વાતાવરણ સર્જાયું હતું. સ્વાગત ગીત બાદ મેમ્બર સેક્રેટરી W.D.C. સુશ્રી વૈશાલીબેન પઢિયારે સૌને હૃદયપૂર્વક આવકાર આપ્યો હતો. ત્યાર બાદ W.D.C.ના ચૅરપર્સન ડૉ. રંજના હરીશે તેમની લાક્ષણિક અને પ્રાસાદિક શૈલીમાં મહેમાનોનો પરિચય આપી W.D.C.ની તાત્ત્વિક ભૂમિકા વિશે વાત કરી હતી. 'અવાજ'ના સંચાલિકા ડૉ. ઇલા પાઠકે એક વડીલની ગરિમાને છાજે તેવા વાત્સલ્યથી W.D.C.ની પ્રસ્તુતતા વિશે વાત કરી હતી.

કાર્યક્રમનો વિધિવત્ ઉદ્‌ઘાટન સમારંભ બપોરે ૧૨.૦૦ થી ૧.૩૦ વાગ્યાના સમયગાળામાં યોજાયો હતો. ફરીથી ડૉ. રૂપાલી બર્કના ઘૂંટાયેલા સ્વરે ગાવામાં આવેલ 'O woman ઑ શક્તિ'ના પડઘા સભાખંડમાં ગૂંજવા લાગ્યા હતા.

W.D.C.ના ચૅરપર્સન ડૉ. રંજના હરીશે મહેમાનોનો સ્વાગત પરિચય કરાવ્યો હતો અને સ્ત્રીઓને હિંમતભેર જીવવાની વાત કરી હતી. W.D.C.ના ગવર્નિંગ બોડીના સભ્ય અને એસ.એલ.યુ. આર્ટ્સ કૉલેજના આચાર્યા ડૉ. સિરાલીબેન મહેતાએ W.D.C.નો સંક્ષિપ્ત પરિચય કરાવ્યો હતો. ત્યાર બાદ કાયદાશાસ્ત્રના નિષ્ણાત અને પૂર્વ પબ્લિક પ્રોસિક્યુટર શ્રી અરુણ ઓઝાએ W.D.C.ની પૉલિસીની નોંધપાત્ર બાબતો વિશે સરળ ભાષામાં સમજ આપી હતી. ખાસ આમંત્રણને માન

આપીને મુંબઈથી પધારેલા ડૉ. વિભૂતિબેન પટેલ અને "અવાજ" સંસ્થાના ડૉ. ઇલાબેન પાઠકે દીપ પ્રાગટ્ય દ્વારા વાતાવરણમાં પવિત્રતાની જ્યોતિ અને આશાના કિરણો ફેલાવ્યાં હતાં અને ત્યાર બાદ પ્રસંગોચિત ઉદ્‌બોધન કર્યું હતું.

કાર્યક્રમનું બીજરૂપ વક્તવ્ય અમદાવાદ શહેરના ડેપ્યુટી પોલીસ કમિશનર શ્રી સુભાષ ત્રિવેદીએ આપ્યું હતું. W.D.C.ના અધ્યક્ષ અને ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પરિમલ ત્રિવેદીએ પોતાના સંદેશમાં જણાવ્યું હતું **'હું સદાય W.D.C.ની પડખે છું.'** ઉદ્‌ઘાટન સમારંભની આભારવિધિ W.D.C.ના મેમ્બર સેક્રેટરી વૈશાલીબેન પઢિયારે કરી અને સમગ્ર ઉદ્‌ઘાટન સમારંભનું સંચાલન એચ.એલ.કૉલેજના વ્યાખ્યાતા અને C.W.D.C.ના કન્વીનર સુશ્રી સપ્તમ્ પટેલે કર્યું હતું.

બપોરના લંચ બ્રેક બાદ દ્વિતીય બેઠકનો આરંભ થયો. દ્વિતીય બેઠકના વક્તા ડૉ. વિભૂતિ પટેલે C.W.D.C.ના સંચાલનના પડકારો વિશે માત્ર સૈદ્ધાંતિક જ નહીં, પરંતુ પોતાના નક્કર અનુભવોની વાત કરી અને આ અનુભવ યાત્રાના વિવિધ પડાવો પ્રત્યે અંગુલિ નિર્દેશ કર્યો હતો.

કાર્યક્રમની તૃતીય બેઠકમાં મુક્ત ચર્ચા, ફીડ બેક ફોર્મ અને રિપોર્ટ વાચનનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ L. J. College ના C.W.D.C.ના કન્વીનર શુભા નિગમના સુંદર અક્ષરોમાં લખાયેલ અને કલાત્મક રીતે ડિઝાઈન કરાયેલ પ્રમાણપત્રોનું વિતરણ કાર્યક્રમની અંતિમ ફલશ્રુતિ હતી. કચ્છ, ગાંધીધામ, મહેસાણા, દાહોદ, ગોધરા, વાઘોડિયા જેવા વિવિધ સ્થળોથી આવેલી અને અમદાવાદ શહેરની લગભગ ૧૦ જેટલી બહેનો જ્યારે વિદાય થઈ રહી હતી, ત્યારે તેમનામાં નારી ચેતનાની ચિનગારી સાથે female bonding ની ભાવના સ્પષ્ટ દેખાતી હતી. જાણે કે તેમનું હૃદય એકબીજાને કહી રહ્યું : સ્ત્રી જ સ્ત્રીની અભિન્ન મિત્ર છે. એક દિવસનો સમય ગાળો જાણે કે ઓછો પડ્યો હોય તેવું સૌને લાગતું હતું. કાર્યક્રમમાંથી વિદાય લેતી વખતે દરેક બહેનો નારી હિત અને નારી ગૌરવની રક્ષા માટે કટિબદ્ધ હોય તેવું તેમના ચહેરા પર સ્પષ્ટ વર્તાતું હતું. આખાય કાર્યક્રમને માત્ર એક જ શબ્દમાં કહેવો હોય તો 'ફાઈલ થી ફુડ' સુધીનું બધું જ સુંદર કલાત્મક અને નયનરમ્ય હતું.

આ ઓરિએન્ટેશનનો એક માત્ર સંદેશ : **'આત્મદીપો ભવ' તું જ તારો દિવો થા'.**

*નારી તું છે શ્રદ્ધા*
*તું ક્ષમા, તું છે દયા*
*તું માતા, તું છે ધરા*
*તું સર્જક, તું સંહારક*
*તું જ શક્તિ, તું જ દુર્ગા*
*નારી શક્તિ, તને સલામ*
*નારી શક્તિ, તને પ્રણામ !*

**વિશેષ નોંધ :** ગુજરાત હાઈકોર્ટના સિનિયર ઍડ્વોકેટ શ્રી અરુણ ઓઝાએ આ પ્રસંગે વિમેન્સ ડેવલપમેન્ટ સેલને તેમના તરફથી રૂ. ૧૫,૦૦૦ની કિંમતના કાયદાનાં પુસ્તકો ભેટ રૂપે આપવાની જાહેરાત કરી હતી. તેમના આ અનુદાનનો સ્વીકાર કરતાં અમે ખૂબ આનંદની લાગણી સાથે તેમનો હૃદયપૂર્વક આભાર માન્યો.

(સૌજન્ય : ડૉ. દર્શના ત્રિવેદી)

❑

## ગુટા શિક્ષણદિન ઉજવણી

તા. ૫-૯-૨૦૦૬ના રોજ સાંજે ૪-૦૦ થી ૭-૦૦ દરમિયાન ઝુઓલોજી વિભાગના સભાખંડમાં શિક્ષક દિન નિમિત્તે શિક્ષકોનું સ્નેહ મિલન તેમજ સેન્ટ્રલ બૅન્ક ઑફ ઇન્ડિયા દ્વારા **'શિક્ષકદિન અને રિટેલ ફોર્ટ નાઈટ યોજના'** અન્વયે મિટીંગ તથા શિક્ષકોનું અભિવાદન કરવાના એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત ડૉ. કમલેશભાઈ ચોક્સી (સંસ્કૃત વિભાગ) દ્વારા પ્રાર્થના અને શ્લોકગાનથી કરવામાં આવેલ હતી. પ્રારંભમાં ગુટાની કામગીરી બાબતે પ્રમુખ શ્રી ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટે પૂર્વભૂમિકા બાંધીને વાત કરી હતી. સમારંભના પ્રમુખ તથા ગુજરાત યુનિવર્સિટીના માનનીયશ્રી કુલપતિ પરિમલભાઈ ત્રિવેદી અન્ય કામમાં વ્યસ્ત હોવાથી, તેઓની અનુપસ્થિતિમાં તેમની મંજૂરીથી કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. મુખ્ય મહેમાન શ્રી ડૉ. એ. કે. સિંગ (કુલપતિશ્રી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી) તથા શ્રી ગણેશ, આસિસ્ટન્ટ જનરલ મેનેજર, સેન્ટ્રલ બૅન્ક ઑફ ઇન્ડિયાનું ગુટાની પરંપરા મુજબ પુસ્તક દ્વારા સ્વાગત કરવામાં આવેલ હતું. આ તબક્કે બૅન્ક દ્વારા સભામાં ઉપસ્થિત તમામ શિક્ષકોનું પણ પુસ્તિકાઓ દ્વારા અભિવાદન થયું.

ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટે શિક્ષક દિનનું મહત્ત્વ તથા આ પ્રસંગે સેન્ટ્રલ બૅન્ક દ્વારા મળેલ સહકાર તથા પહેલને વિસ્તૃત સ્વરૂપમાં સમજાવી હતી. આ સમયે તેઓએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી અને કવિવર રવીન્દ્રનાથ ટાગોરને યાદ કર્યા હતા અને જણાવ્યું હતું કે બૅન્ક દ્વારા જો સહકાર મળતો રહેશે તો સમાજસેવામાં કે અન્ય ક્ષેત્રમાં શિક્ષકો તેમનું યોગદાન આપવા માટે તૈયાર છે.

શિક્ષકદિન નિમિત્તેનું વ્યાખ્યાન આપતા ડૉ. એ. કે. સિંગે જણાવેલ હતું કે સામૂહિક સભાનતા દ્વારા આદર્શ સમાજનું નિર્માણ કરવામાં શિક્ષકોની ભૂમિકા ખૂબ મહત્ત્વની બની રહે છે. આ માટે તેમને ગાંધીજીના સિદ્ધાંત પ્રમાણે ઉત્તમ નૈતિક ચારિત્ર્ય ઉપર વધુ ધ્યાન આપવાની વાત દોહરાવી હતી. તેઓએ ગ્રીક ફિલોસોફર સોક્રેટિસ, પ્લેટો અને એરિસ્ટોટલની ગુરુ શિષ્ય પરંપરામાંથી ઘણાં ઉદાહરણો ટાક્યાં હતાં સાથે સાથે શિક્ષણ અને સમાજમાં ભારતીય પ્રણાલીને આદર્શ તરીકે સ્વીકારીને શિક્ષણનો વ્યાપ વધે તે બાબતે પ્રયાસ કરવા જણાવ્યું હતું.

આ પ્રસંગે સેન્ટ્રલ બૅન્ક ઑફ ઇન્ડિયાના ઉચ્ચ અધિકારી શ્રી ગણેશે જણાવ્યું હતું કે, સમાજમાં માતાપિતા પછી આચાર્ય એટલે કે શિક્ષકનું સ્થાન છે. જે ખૂબ જ અગત્યની ભૂમિકા માનવવિકાસ તેમ જ સમાજ ઘડતરમાં ભજવે છે. તેઓના વિકાસની પ્રવૃત્તિમાં બૅન્ક તેનાથી બનતો સહકાર આપવા માટે તૈયાર છે.

બૅન્કના અન્ય અધિકારીશ્રી જયેશભાઈએ શિક્ષણ, વાહનો, કમ્પ્યૂટર, મકાન કે પ્રવાસ ખર્ચ પેટે બૅન્કની વિવિધ યોજનાઓની માહિતી આપેલ હતી.

ગુટાના મંત્રી શ્રી ડૉ. કૌશિક રાવલે જણાવ્યું હતું કે બૅન્કે શિક્ષકોને વિશેષ સેવા આપવાનો આ પ્રથમ પ્રયાસ કર્યો છે અને આ સેતુ દ્વારા હવે પછી ઘણા કાર્યક્રમોનું આયોજન થઈ શકે તેમ છે. શિક્ષક અને બૅન્કનું કામ અલગ અલગ વિષયમાં સેવાનું વિસ્તરણ કરવાનું છે અને જેના દ્વારા આદર્શ સમાજનું નિર્માણ થાય. બૅન્કની આ પ્રવૃત્તિ અમે બિરદાવીએ છીએ.


કાર્યક્રમના અંતમાં શ્રી કીરીટભાઈ શાહે યુનિવર્સિટીનાં કુલપતિશ્રી ડૉ. પરિમલ ત્રિવેદી, રજિસ્ટ્રાર શ્રી ડૉ. અરવિંદ ભાંડારી, ડૉ. એ. કે. સિંગ, વહીવટી તંત્ર તેમ જ ગુટાના સભ્યોનો આભાર માન્યો હતો.

(સૌજન્ય : ડૉ. કૌશિક રાવલ, મંત્રી ગુટા)

❑

# કૉલેજ કોર્નર

## JG COLLEGE OF EDUCATION



જે.જી. કૉલેજ ઑફ એજ્યુકેશન દ્વારા આયોજિત આચાર્યોની સભાને સંબોધન કરી રહેલ શ્રી સૌરભ ચોકસી

Gujarat University affiliated (S.F.) B.Ed. / B.P.Ed. Colleges Management Association, and JG College of Education, Ahmedabad-54 has Jointly organized **`A Principals' Meet : Towards Excellency in Teacher Education'** on 22nd July, 2006. This was the first programme organized by the Association for the Principals of Self Financed B. Ed. Colleges affiliated to Gujarat University. The Meet was organized with the purpose to arrive at Common Academic Planning, to focus on the quality to avail for NAAC, to orient with the office documentation and administration, developing HRD in the institutions associated with it.

Blessed by the Rain-God whole day, the Meet was attended by 27 participants, comprising of the Principals, Senior lecturers & the management representatives of different colleges. The registration process began at 9.00 am. The Meet started at 11 am with the usual note. In the Welcome Speech, Mr. H. B. Patel, I/C Principal of JG College Education stressed the need for quality, uniformity in academic schedule, focus on HRD to meet the challenges of today and tomorrow's educational sphere. The activities were conducted in sessions as follows :

The theme of the first session was **`National Assessment & Accreditation Council'.** Mr. S. C. Choksi, Director of JG Group of Colleges, spoke on the theme emphasizing on the need of the Certification by NAAC, its various formalities, requirements, etc.

The speaker of second session on the theme **`Office Documentation & Administration'** was Mr. C. P. Patel, Principal of AG Teachers College, Ahmedabad. He oriented about the different important documents & administrative requirements to be maintained by the institutions & its purpose. His experience was well utilized by the young administrators of the self financed institutes.

The third session of the Meet was on **`Academic Planning & HRD'** where in the speaker, Mr. H. N. Tapodhan, I/C Principal of Vivekananda College of Education, Ahmedabad presented the probable schedule of the different academic programmes to implement common academic schedule in the Self financed Colleges.

The participants actively responded/queried in each of the sessions. The experience and the knowledge of the speakers was well exploited by them. The Meet was concluded by Mr. H. B. Patel, I/C Principal of JG College of Education with discussion with the participants.

❑

## AES - સમર પ્રોજેક્ટ ઍવૉર્ડસ

AES Post Graguate Institue of Busines Management (PGIBM) દ્વારા ૨૦૦૬ના વર્ષના '૩૬૧. - સમર પ્રોજેક્ટ ઍવૉર્ડ્સ' આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે એમ.બી.એ.ના વિદ્યાર્થીઓના વિદાય સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના નિયામક ડૉ. એ. એચ. કાલરોએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓમાં સૈદ્ધાંતિક મત અને પ્રાયોગિક અમલનો સમન્વય થાય, એ આ કાર્યક્રમનો હેતુ છે. આ પ્રસંગે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. પરિમલ ત્રિવેદીએ મુખ્ય મહેમાન તરીકે હાજરી આપી હતી.

કુલપતિ શ્રી ડૉ. ત્રિવેદીએ વિદાયના પ્રસંગને અનુલક્ષીને અંગ્રેજ કવિ ટી એસ ઇલિયટને ટાંકીને કહ્યું હતું કે આ વિદાય એક શરૂઆત છે. તેમના વક્તવ્યમાં તેમણે વિદ્યાર્થીનો આધ્યાત્મિક, નૈતિક અને બૌદ્ધિક - આમ સર્વાંગી વિકાસ થાય એવા શિક્ષણની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. સાથે સાથે તેમણે જે ભારતનું બૌદ્ધિક યુવાધન વિદેશોમાં સ્થાયી થઈ રહ્યું છે, તેના વિશે ઊંડી ચિંતાની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે ઑક્સફર્ડ યુનિવર્સિટીના મુદ્રાલેખનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે તીવ્ર બુદ્ધિશાળી લોકો જો શિસ્તબદ્ધ નહીં હોય તો સમાજ માટે તેમ જ પોતાના માટે વિનાશ નોતરી બેસશે. તેના સંદર્ભમાં તેમણે તાજેતરમાં કૉલેજ કેમ્પસમાં શિક્ષક પર વિદ્યાર્થીઓ દ્વારા થયેલ હુમલો એ હિંસાત્મક ચહેરાની ભયાનકતા દર્શાવે છે, એમ કહ્યું હતું.

ડૉ. ત્રિવેદીએ કહ્યું હતું કે શિક્ષણના બિનજરૂરી ભારણ હેઠળ અકુદરતી મૃત્યુનું પ્રમાણ વિદ્યાર્થીઓમાં વધ્યું છે અને ભારતીય વિદ્યાર્થીઓમાં ભારતીય ખેડૂતો કરતા આત્મહત્યાનો દર ઊંચો છે. આમ આપણી શિક્ષણપ્રથામાં ક્યાંક ખામી છે. તેમણે આલ્બર્ટ આઇન્સ્ટાઈન તેમજ રવીન્દ્રનાથ ટાગોરના વિચારોને ટાંકીને જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓમાં ચારિત્ર્ય નિર્માણ થાય અને તેમનામાં સામાજિક તેમ જ માનવીય મૂલ્યો જાગૃત થાય અને પરિણામે તેઓ સંવેદનશીલ અને પરિપક્વ નાગરિક બને અને પરિણામે એક જીવંત સમાજનું સર્જન થાય તેના પર ભાર મૂક્યો હતો.

અંતમાં, કુલપતિશ્રીએ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા, તેમ જ જેઓ વિજેતા નહોતા થયા તેમને સફળતા ન મળે ત્યાં સુધી ખંતપૂર્વક પ્રયત્નો કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

❑

## દૌલતભાઈ ત્રિવેદી લૉ કૉલેજ

તા. ૨૧-૮-૨૦૦૬ને સોમવારના રોજ દૌલતભાઈ ત્રિવેદી લો કૉલેજમાં યુનિ. સ્કૂલ ઑફ લોના પ્રો. (ડૉ.) કૌશિકભાઈ રાવલનું વ્યાખ્યાન માહિતી અધિકારના કાયદા બાબતે સમજ આપવા માટે યોજાયેલ. આ વ્યાખ્યાનમાં તેમણે વિદ્યાર્થીઓને માહિતી અધિકારના કાયદા બાબતે વિસ્તૃત સમજ આપી. તેઓએ જણાવ્યું હતું કે, માહિતી અધિકાર તળે દરેક નાગરિકને સરકારી ફાઈલમાં થતી વિગતો જાણવાનો અધિકાર છે. તેમાં કસુર કરનાર અધિકારીને રોજના રૂ. ૨૫૦-૦૦ લેખે દંડ કરવાની પણ જોગવાઈ છે. ભારતમાં આ કાયદો સંસદે દાખલ કરવાથી નાગરિકને આર્ટી.૧૯(૧) અન્વયે વાણી અને અભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય મેળવવાની સાથે સાથે માહિતી જાણવાનો અધિકાર પણ પ્રાપ્ત થાય છે. આ વિષયમાં અગાઉ હાઈકોર્ટો તથા સુપ્રીમ કોર્ટે આપેલ જુદા જુદા ચુકાદાનો ઉલ્લેખ કરી તેમણે માહિતીનો અધિકાર નાગરિકોને શસ્ત્ર તરીકે ઉપલબ્ધ થયેલ છે, તે બાબતે વિસ્તૃત છણાવટ કરી હતી.

પ્રારંભમાં, પ્રિ. દક્ષિણી સાહેબે પ્રા. કૌશિક રાવલનું પુષ્પગુચ્છથી સ્વાગત કરી કાયદાનો સામાન્ય ખ્યાલ આપ્યો હતો. આભારવિધિ પ્રા. પંડ્યાએ કરી હતી. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો.

❑

## શ્રી એસ. ડી. પટેલ આટર્સ ઍન્ડ સી. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, આંકલાવ

આંકલાવ કૉલેજના C.W.D.C. વિભાગ વતી પ્રેમચંદ જન્મજયંતી નિમિત્તે 'પ્રેમચંદની નવલકથામાં નારી' એ વિષય પર કૉલેજના પ્રિ. ડૉ. કિશોરસિંહ રાવનું વ્યાખ્યાન યોજાઈ ગયું. વ્યાખ્યાન સંદર્ભે તેમણે પ્રેમચંદની 'સેવાસદન', 'નિર્મલા', 'ગબન', 'કર્મભૂમિ' 'પ્રતિજ્ઞા' 'ગોદાન' તથા 'મંગલસૂત્ર' જેવી નવલકથાઓમાં દહેજ, મનમેળ વગરના લગ્ન, વિધવાઓની સ્થિતિ, વેશ્યાગમન, પીડિત સ્ત્રીઓની દુર્દશા જેવા પ્રશ્નોની છણાવટ કરી હતી. વધુમાં તેમણે જણાવ્યું કે 'જાલપા કે નિર્મલા' જેવું પાત્ર આજે પણ ભારતીય સમાજમાં જોવા મળે છે. વ્યાખ્યાનના અંતે C.W.D.C. ના કન્વીનર પ્રા. નિવ્યા પટેલે આભાર વ્યક્ત કર્યો હતો.

C.W.D.C. વિભાગ વતી ગૂજરાત વિદ્યાપીઠ, સમાજકાર્ય વિભાગના પ્રા. દામિનીબેન શાહનું 'સ્ત્રીભ્રૂણ હત્યા અને સ્ત્રીઓની આજની પરિસ્થિતિ' વિષય પર અન્ય એક વ્યાખ્યાન યોજાઈ ગયું. તેમણે જણાવ્યું કે - 'સ્ત્રીના અનેક પ્રશ્નો પાછળ પુરુષપ્રધાન સમાજ જ જવાબદાર છે. સંસારરથના બે ચક્રોમાં જો અસમાનતા હશે તો આવનારા દિવસોમાં સમાજમાં અનેક પ્રશ્નો ઊભા થશે.'

કૉલેજમાં હિન્દી વિભાગ વતી ૧૪મી સપ્ટેમ્બરે 'હિન્દી દિવસ'ની ઉજવણી વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી. પ્રાસંગિક પ્રવચન આપતાં કોલેજના પ્રિ. ડૉ. કિશોરસિંહ રાવે જણાવ્યું કે ભારતની મોટાભાગની ભાષાઓ મૂળ સંસ્કૃતમાંથી ઊતરી આવી છે. એ રીતે હિન્દી સંસ્કૃતની સૌથી મોટી સુપુત્રી બનવાની ક્ષમતા ધરાવે છે. વળી હિન્દી ભાષાને પોતાની એક ઉચ્ચ સાહિત્યિક પરંપરા છે. આજના દિને આપણી રાષ્ટ્રભાષા હિન્દીના ગૌરવમાં વધારો કરવાનો આપણે શુભ સંકલ્પ કરીએ અને સાથે સાથે હિન્દી ભાષાને યુનોની માન્યતા મળે તેવી શુભેચ્છાઓ પણ તેમણે વ્યક્ત કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન તૃતીય વર્ષ બી.એ.ના વિદ્યાર્થી સોલંકી દિનેશ તથા વણકર પ્રવીણે કર્યું હતું.

અર્થશાસ્ત્ર વિભાગ વતી 'ભારતીય આયોજન અને ગ્રાહકનું વર્તન' એ વિષય પર ઓડ કોલેજના પ્રિ. ડૉ. નટુભાઈ પટેલનું વ્યાખ્યાન યોજાઈ ગયું. તેમણે જણાવ્યું કે - 'જ્યારે સાધનો મર્યાદિત હોય અને સાધ્યો અનંત હોય ત્યારે મહત્તમ સંતોષ મેળવવા માટે આયોજન જરૂરી છે.' આ સાથે ગ્રાહકોના અધિકારો અને ફરજો' વિશે પણ તેમણે રસદર્શી છણાવટ કરી હતી. પ્રિ. ડૉ. નટુભાઈ પટેલનો પરિચય તથા આભાર

કૉલેજના પ્રિ. ડૉ. કિશોરસિંહ રાવે વ્યક્ત કર્યો હતો.

ગુજરાતી વિભાગ વતી ૨૬ સપ્ટેમ્બરના રોજ 'મનોજ ખંડેરિયાની ગઝલો' એ વિષય પર સૌરાષ્ટ્ર યુનિ., ગુજરાતી વિભાગના પ્રો. ડૉ. નીતિન વડગામાનું વ્યાખ્યાન યોજાઈ ગયું. વ્યાખ્યાન સંદર્ભે તેમણે મનોજ ખંડેરિયા મુલાયમ મિજાજના પ્રયોગશીલ ગઝલકાર છે, તેમ જણાવી તેમની ગઝલોમાં જોવા મળતી બાહ્ય તથા આંતરિક વિશેષતાઓ ઉદાહરણ સહિત ટાંકી હતી તથા 'કોઈ કહેતું નથી' ગઝલનું પઠન પણ કર્યું હતું.

## બી. ડી. આટર્સ કૉલેજ

### પ્રા. કે. કા. શાસ્ત્રીજીને માનાંજલિ

તા. ૨૩-૯-૨૦૦૬ને શનિવારે સવારે ૧૧-૩૦ વાગે બી. ડી. આટ્ર્સ કૉલેજમાં કે. કા. શાસ્ત્રી સાહેબને માનાંજલિ આપવામાં આવી. પ્રાર્થના પ્રા. ઉત્પલાબેન પંડ્યાએ રજૂ કરી અને ભૂતપૂર્વ અધ્યાપકોમાં પ્રા. ડૉ. વાસુદેવભાઈ પાઠક, પ્રા. ડૉ. કે. બી. શાહ, પ્રા. પરિમલભાઈ દલાલ, પ્રા. અંજનીબેન મહેતા વગેરેએ શાસ્ત્રીજી સાથે વિતાવેલ સંસ્મરણો રજૂ કરી વિદ્યાવાચસ્પતિ એવા શાસ્ત્રીજીના વિશાળ જ્ઞાનનો, તેમની વિવિધ શૈલીનો, તેમની નિયમિતતા, જેવા વિવિધ પાસાંનો પરિચય આપ્યો. ભૂતપૂર્વ આચાર્ય ડૉ. શ્રી આરમાઈતિબેન દાવરે જણાવ્યું કે શાસ્ત્રીજીના જીવને 'વૃદ્ધ' શબ્દને સાર્થક કર્યો છે અને પોતાના વાણી અને વર્તન દ્વારા યુવા પેઢી માટે તેઓ પ્રેરણાદાયી બની ગયા. ચાર દસકા સુધી એક યુવાનને પણ શરમાવે તેમ પ્રવૃત્તિમાં કાર્યરત રહી પોતાના જીવનનાં વર્ષો ઉજાળ્યાં. તેઓ જ્ઞાનોપાસના અને કર્તવ્યપરાયણતા સાથે જીવન જીવી ગયા. જ્ઞાન, ભક્તિ અને કર્મનો તેમના જીવનમાં સંગમ હતો. સતત પુરુષાર્થ કરતા રહ્યા. ભૌતિક સંપત્તિથી અલિપ્ત રહી પોતાની વૈચારિક અને સાહિત્યિક સંપત્તિને વધારતા રહ્યા. તેમના જીવનમાં કદીયે ટેન્શન વિના જીવ્યા, છતાંય ટેન્શન વિના કેવી રીતે જીવવું તે સતત બતાવતા રહ્યા.

❑

## શ્રી આર. કે. પરીખ આટર્સ અને સાયન્સ કૉલેજ

શ્રી આર. કે. પરીખ આટર્સ અને સાયન્સ કૉલેજ ખાતે ચાલતી 'સમર્પણ' નેચર કલબ અને સાયન્સ સ્ટડી સર્કલના ઉપક્રમે તા. ૨૧ સપ્ટેમ્બર ૨૦૦૬ના રોજ સાંપ્રત સમસ્યા અંગે બહુ જ સુંદર વ્યાખ્યાન અને પ્રદર્શન યોજાઈ ગયું.

મેલેરિયા, ચીકન ગુનિયા, ડેન્ગ્યુ જેવા રોગ સ્વસ્થ સમાજ પર ત્રાટકીને પોતાની હાજરી નોંધાવી રહ્યા છે. આવા સમયે નાગરિકોએ કયા પ્રકારની જાણકારી ધરાવવી જોઈએ, તે પોતે આવા રોગના હુમલાથી બચવા શું કરી શકે જેવા પ્રશ્નોની ઊંડાણપૂર્વક વૈજ્ઞાનિક છતાં સરળ સમજ કેળવી શકે, તે માટે વ્યાખ્યાન તથા પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ખંભાતના મેલેરિયા ખાતાના અધિકારી શ્રી અક્ષયભાઈ શેલત દ્વારા 'ચાલો, મેલેરિયાના ત્રાસને ફેલાવનાર મચ્છરને જાણીએ' વિષય ઉપર એક સુંદર વ્યાખ્યાન આપવામાં આવ્યું. શ્રી શેલતે તેમની હળવી અને ધારદાર રજૂઆત કરી મચ્છરના ફેલાવાને કેમ અટકાવી શકાય અને આપણે જવાબદાર નાગરિક તરીકે શું યોગદાન આપી શકીએ તેની રજૂઆત કરી.

બહુ ચર્ચિત રોગ ચીકન ગુનિયા માટે જવાબદાર એડીસ મચ્છરની જીવનશૈલી અને તેનાં ઉત્પત્તિસ્થાનો અને કરડવાના સમય અંગેની જાણકારી આપી.

વ્યાખ્યાનમાં પેટલાદની સિવિલ હૉસ્પિટલના ડૉ. રાજેશ ઠક્કર ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં તજ્જ્ઞોનું સ્વાગત કરી પરિચય આચાર્ય ડૉ. વિમલ જોષીએ આપેલ માઈક્રોબાયોલોજી વિભાગના અધ્યક્ષ અને સાયન્સ સ્ટડી સર્કલના કન્વીનર પ્રો. બી. ડી. જોષીએ આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન સમર્પણ નેચરકલબના કો-ઑર્ડીનેટર ડૉ. કે. બી. અંજારિયાએ કર્યું હતું.

❑

## લીમખેડા કૉલેજમાં હિન્દી અને ગુજરાતી વિષયનું વ્યાખ્યાન

લીમખેડા કૉલેજમાં તા. ૨૫ ઑગસ્ટના રોજ ગુજરાત યુનિવર્સિટીના ભાષાભવનના હિન્દી વિષયના રીડર



લીમખેડા કૉલેજમાં વ્યાખ્યાન આપી રહેલા હિન્દી વિભાગના ડૉ. આલોક ગુપ્તા

ડૉ. આલોક ગુપ્તાનું હિન્દી વિષયમાં તેમજ ગુજરાતી સાહિત્યના જાણીતા નાટ્યકાર ડૉ. સતીશ વ્યાસનું ગુજરાતી વિષયમાં-એમ બે અલગ અલગ વ્યાખ્યાનો યોજવામાં આવ્યાં હતાં.

કાર્યક્રમની વિશેષતા એ હતી કે ગ્રામવિસ્તાર કૉલેજ આચાર્ય મંડળના પ્રમુખ તેમ જ સાવલી કૉલેજના આચાર્ય પી. સી. ઉપાધ્યાયે બન્ને વ્યાખ્યાનોમાં ઉપસ્થિત રહી આશિર્વચનો પાઠવ્યાં હતાં. વધુમાં તેઓએ જણાવ્યું કે આજે યુનિવર્સિટી વ્યાખ્યાન લુપ્ત થતાં જાય છે, ત્યારે આ એક સંસ્થા એવી છે કે આ રીતે કાર્યક્રમો યોજી વિદ્યાર્થીઓને વક્તવ્યનો લાભ પૂરો પાડે છે.

આ પ્રસંગે ગુજરાતી વિષયના વિદ્વાન ડૉ. સતીશ વ્યાસે નાટક કલા મીમાંસા અંગે છેક વૈદિક કાળથી નાટક સ્વરૂપ કઈ રીતે અસ્તિત્વમાં આવ્યું અને તેનો વિકાસ તથા ભજવવા માટે એક સમયે ખૂબ અંતરાયો હતા, છતાં આ નાટ્ય કલા સ્વરૂપ કઈ રીતે વિકાસ પામ્યું તેની વિગતે ચર્ચા કરી હતી. તેઓએ ગુજરાતી સાહિત્યના નોંધપાત્ર નાટકો અને એકાંકીઓની રસપ્રદ માહિતી પૂરી પાડી હતી. જ્યારે આ જ વ્યાખ્યાન માળામાં હિન્દી વિષયના વિદ્યાર્થીઓ માટે **છાયાવાદોત્તર** હિન્દી કવિતા વિષય ઉપર વ્યાખ્યાન આપતાં ડૉ. આલોક ગુપ્તાએ **છાયાવાદોત્તર** કવિતાના વિવિધ પ્રવાહો જેવા કે પ્રગતિવાદ, પ્રયોગવાદ તેમ જ નવી કવિતા વિશે સદૃષ્ટાંત રસપ્રદ માહિતી ઉપસ્થિત વિદ્યાર્થીઓને પૂરી પાડી હતી. પોતાના વ્યાખ્યાનમાં શ્રી આલોક ગુપ્તાએ એવું જણાવ્યું હતું કે, કોઈ પણ વસ્તુને તેની સંપૂર્ણતામાં જોવું જોઈએ. તેના માટે તેને થોડે દૂર રાખીને જોતાં એની સંપૂર્ણતાનો ખ્યાલ આવે છે.

❑

# વિદ્યાર્થી વિશ્વ

## અમદાવાદ મેડિકલ ઍસોસિયેશન વાર્ષિક દિવસ

રવિવાર, તારીખ ૨૦-૮-૨૦૦૬ના રોજ Ahmedabad Medical Association દ્વારા ૧૦૪માં વાર્ષિક દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે માનનીય કુલપતિ ડૉ. પરિમલ ત્રિવેદીએ હાજરી આપી હતી.

કાર્યક્રમની શરૂઆત આવકાર પ્રવચનથી ઍસોસિયેશનના પ્રમુખ ડૉ. દેવેન્દ્ર પટેલ દ્વારા કરવામાં આવી હતી.

આ પ્રસંગે કુલપતિશ્રી ડૉ. પરિમલ ત્રિવેદીએ પ્રમુખીય પ્રવચનમાં તેમની હળવાશભરી લાક્ષણિક શૈલીમાં માર્ક ટ્વેઈનને ટાંકતાં કહ્યું હતું કે ‘લુંટારું તો પૈસા અથવા જીવ માંગે છે, જ્યારે ડૉક્ટર બન્ને માંગે છે !’ તેમણે જણાવ્યું હતું કે ડૉક્ટરનાં ખભા પર બહુ મોટી જવાબદારી છે અને વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિકાસને કારણે ઘણા રોગો પર કાબૂ મેળવી શકાયો છે. સાથે સાથે તેમણે ખેદ વ્યક્ત કર્યાં હતાં કે માનવ વિકાસનાં ક્રમાંકમાં વિશ્વમાં ભારત સ્વાસ્થ્યનાં ક્ષેત્રમાં હજુ ઘણું પાછળ છે.

ડૉ. ત્રિવેદીએ કહ્યું હતું કે સ્વાસ્થ્ય વિષયક સુવિધાઓ ગરીબ અને અસહાય લોકોને પણ પ્રાપ્ત થવી જોઈએ.... અને આ ક્ષેત્રમાં માત્ર પૈસા કમાવાની વૃત્તિ ન હોવી જોઈએ.

તેઓએ ભારતમાં એક તંદુરસ્ત સમાજનું નિર્માણ કરવા માટે હાકલ કરી હતી, જેમાં પૈસાના અભાવે કોઈ સારવારથી વંચિત ન રહે...

(માહિતી સૌજન્ય ; દર્શિત મહાજન, મેહુલ પરમાર CDC)

❑

## CDC Garba Ramzat

Centre For Development Communication (CDC) organised a garba event on the first day of Navratri - 23-09-2006 at CDC campus, from 8-30 p.m. onwards.

An evening marking silver jubilee of institute CDC turned out to be really memorable. For the alumnis and invitees poured in from the media circle, leaving the media glow to get into nostalgia.

Our honour was to have Gujarat University Vice Chancellor Dr. Parimal Trivedi who not only made his presence felt but also appauled the creative decoration by students of MDC course who organised the event collectively.

(સંકલન : કુ. શ્રીના નાયર, CDC)

❑

# કેમ્પસ ન્યૂઝ

## ગુજરાત યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર

### 'ચીકન ગુનીઆ'

અતિવૃષ્ટિ અને સતત ભેજવાળા દિવસોનાં કારણે 'એડીસ' મચ્છરોનો ઉપદ્રવ ખૂબ વધ્યો. આ કારણે આખું ગુજરાત રાજ્ય અને અમદાવાદ શહેર પણ 'ચીક્ન ગુનીઆ'ની બીમારીનું ભોગ બન્યું. ખૂબ જ તકેદારી રાખવા છતાં અને સદાય પ્રદૂષણમુક્ત ગણાતું યુનિવર્સિટી કેમ્પસ પણ બચી શક્યું નહીં.

યુનિ. આરોગ્ય કેન્દ્રે પણ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી જાહેર રજાઓ (રવિવાર ૨૭-૮-૦૬, સોમવારે ૨૮-૮-૦૬) સહિત તમામ દિવસોએ કામગીરી ચાલુ રાખી હતી.

છેલ્લા એકાદ માસ દરમિયાન વિદ્યાર્થી અને સ્ટાફ બેઉના થઈ સરેરાશ ૨૦થી ૨૫ દર્દીઓએ પ્રતિદિન હેલ્થ સેન્ટરની સેવાઓનો લાભ લીધો.

સારા સમાચાર એ છે કે સપ્ટેમ્બર માસના ત્રીજા અઠવાડિયાથી) 'ચીક્ન ગુનીઆ'ના દર્દી નહીંવત્ સંખ્યામાં જોવા મળ્યા છે.

### 'બહેનો અને લોહીની ફિકાશ' (એનીમિયા)

૨૦૦૩-૨૦૦૪માં ફરજિયાત ધોરણે કરવામાં આવેલ લોહીની તપાસમાં ૬૬ ટકા બહેનો એનીમિક કે લોહીની ફિકાશવાળી જોવા મળી હતી. દરેક સ્થાનિક કૉલેજમાં ઓછામાં ઓછી ૧(એક) વિદ્યાર્થિની એવી જરૂર હતી કે જેને 'રક્તદાન' લેવું પડે, આમ કહેવામાં અતિશયોક્તિ નથી.

દરેક ક્ષેત્રમાં હરણફાળ ભરવા માંગતી બહેનોએ વિદ્યાર્થિનીઓ, અધ્યાપક-બહેનો કે શિક્ષિકાઓ તથા વહીવટી કર્મચારી બહેનોએ દર વર્ષે એક વખત પોતાના લોહીની તપાસ કરાવી 'હિમોગ્લોબીન' જાણવું જરૂરી છે.

એનીમિક બહેનોમાં ના ફક્ત શારીરિક પ્રશ્નો નથી ઉદ્‌ભવતા, પણ માનસિક પ્રશ્નો દા.ત. ચિડિયાપણું, નિરાશા, હતાશા કે યાદશક્તિ ઓછી હોવાનો અનુભવ પણ જોવા મળેલ છે. યુનિ. આરોગ્યકેન્દ્રમાં આપ આવો અને કામકાજનાં દિવસો દરમિયાન સવારે ૮-૩૦ થી ૨-૦૦ (બપોર) દરમિયાન લોહી તપાસ કરાવો. જરૂર પડે દાક્તરને મળો અને યોગ્ય નિદાન અવશ્ય કરાવો.

### કાઉન્સેલિંગ સેવાઓ

છેલ્લાં ૫-૭ વર્ષોથી હતાશા, ચિંતા વગેરેનાં. કારણે થતા આપઘાતનાં કિસ્સાઓ વધી રહ્યા છે. હરીફાઈથી ભરેલી આ દુનિયામાં ટકી રહેવા દરેક જણ ઝઝૂમી રહેલ છે અને તેઓને ક્યારેક હતાશા / નિરાશા પણ મળે છે. આવા વખતે 'સાયકોલોજિસ્ટ' એક સાચા માર્ગદર્શક પુરવાર થાય છે.

યુનિ. આરોગ્ય કેન્દ્રમાં દર બુધવારે સવારે ૮થી ૧૦ સાયકોલોજિસ્ટ મળી શકશે જે ફક્ત વિદ્યાર્થી ભાઈબહેનોને જ નહીં પણ સ્ટાફ, તેમનાં વાલી / વડીલોને પણ યોગ્ય માર્ગદર્શન પૂરું પાડશે.

જરૂરિયાત વાળા સૌને લાભ લેવા વિનંતી છે.

(સૌજન્ય : Dr. M. P. Bhatt)

## Internet Access Centre

We all know that the Gujarat University Campus in now Brodband enabled with the help of VSNL, Tata group As part of promotional activity the Internet Access was free of charge for first 250 users for one hour to individuals and the Internet access is now chargable to everyone w.e.f 28-8-2006. Today on an average 30 Internet users are using the Internet for the purpose of Internet surfing, chating, Study reports & many more.

**Facilities available at Internet Access Centre**

Right now the capacity for the Internet Access Centre is 20 P.C. 11 P.C. are in working condition and it will increase to 15 P.C. in short time. Printing & Xerox facility is also available, where the Printing is Charged at Rs. 2 per page.

**Address :** Internet Access Centre, NRS hall, Beside Centeen, Gujarat University, Navrangpura, Ahemadabad

Charges for use of Internet Access :

1. Rs. 10 for 1 Hour (Single time use - Validity 1 Hour)
2. Rs. 113 for 10 Hour (Multiple time use - Validity 1 Month)
3. Rs. 225 for 20 Hour (Multiple time use - Validity 1 Month)

Timings : 10-00 to 18-00 (Sunday & Public holiday Close

N.B.: It is compulsory to have qpproved photo identity. Please provide your identity card when you are requested to.

## વિદ્યાર્થી શૈક્ષણિક વિનિમય યોજના

ગુજરાત યુનિવર્સિટી અને જાપાનમાં ઓટેમોન ગાકુઈન યુનિવર્સિટી વચ્ચે છેલ્લા ૩૬ વર્ષથી ચાલતી વિદ્યાર્થી વિનિમય યોજના અંતર્ગત આ વર્ષે સેંટ ઝેવિયર્સ આટર્સ કૉલેજની વિદ્યાર્થિની કુ. ચિનાર શાહ તથા સેન્ટર ફોર ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનના વિદ્યાર્થી શ્રી હર્ષ વાસનાની જાપાન જવા માટે પસંદગી પામ્યા છે. તેઓ બંને ૧૩ ઑક્ટોબર, ૨૦૦૬થી ૯ જાન્યુઆરી, ૨૦૦૭ દરમિયાન ઉપર્યુક્ત યુનિવર્સિટીની મુલાકત લેશે. તે જ રીતે જાપાનથી કુમારી હિરોમી સૂડા તથા યોશિમી કુબો તારીખ ૧૬ ઑક્ટોબર, ૨૦૦૬ થી ૯ જાન્યુઆરી, ૨૦૦૭ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીની મુલાકાત લેશે. ❑

# યુવક મહોત્સવ ૨૦૦૬-૦૭

## શહેર વિભાગ



શહેર વિભાગના યુવક મહોત્સવનું દીપ પ્રાગટ્ય દ્વારા ઉદ્‌ઘાટન કરી રહેલ માનનીય કુલપતિશ્રી ડૉ. પરિમલ ત્રિવેદી

વર્ષ ૨૦૦૬-૨૦૦૭ના શૈક્ષણિક વર્ષમાં ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ શહેર વિસ્તારનો યુવક મહોત્સવ ગુજરાત લૉ સોસાયટી સંચાલિત સી. યુ. શાહ સિટી કોમર્સ કૉલેજ, લાલ દરવાજા અમદાવાદના યજમાનપદે તા. ૧૧ અને ૧૨ સપ્ટેમ્બર, ૨૦૦૬ના દિવસોમાં યોજાઈ ગયો. આ વિભાગના અધ્યક્ષ તરીકે પ્રિ. એસ. કે. ત્રિવેદી તથા મંત્રી તરીકે પ્રો. રેણુકાબેન રાવલ, સહમંત્રી તરીકે પ્રો. લીનાબેન શુક્લે જવાબદારી સંભાળી હતી. તા. ૪-૮-૨૦૦૬ના રોજ સિટી કૉમર્સ કૉલેજ ખાતે વિવિધ કૉલેજોના નવ આચાર્યશ્રી તથા ૪૨ ઇન-ચાર્જ અધ્યાપકોની હાજરીમાં અધ્યક્ષ પ્રિ. એસ. કે. ત્રિવેદી, યુવક કલ્યાણ વિભાગના નાયબ નિયામકશ્રી વી. કે. ચાવડા તથા મંત્રીશ્રી રેણુકાબેન રાવલે સ્પર્ધા અંગે વિગતવાર ચર્ચા કરી હતી. શહેર વિભાગમાં અમદાવાદ શહેર વિસ્તાર એટલે સાબરમતી નદીના પૂર્વ તરફનો વિસ્તાર તેમ જ ગાંધીનગર જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની કૉલેજોનો સમાવેશ થાય છે. કુલ-૫૨ કૉલેજો પૈકી ૩૧ કૉલેજોએ સક્રિય રીતે વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો. અતિવૃષ્ટિ અને રોગચાળો સ્પર્ધાના આયોજનમાં ખલનાયક બન્યા હતા.

હસ્તકલા દ્વારા તૈયાર કરવામાં આવેલ આમંત્રણ-પત્રિકાથી સ્પર્ધાના શ્રી ગણેશ કર્યાં જેમાં મિત્રોએ, સમર્થકોએ ખૂબ જ સાથ સહકાર આપ્યો. સ્પર્ધાનું આયોજન ત્રણ જગ્યાએ કરવામાં આવેલ હતું :

(૧) સી. યુ. શાહ સિટી કૉમર્સ કૉલેજ કેમ્પસ
(૨) ગુજરાત યુનિવર્સિટી સેનેટ હૉલ
(૩) ટાગોર હોલ ખાતે

એકાંકી નાટ્ય સ્પર્ધામાં ગયા વર્ષ કરતાં આ વર્ષે વધુ કૉલેજોએ ભાગ લેતાં લોક નૃત્યની હરીફાઈ ટાગોર હોલ ખાતેથી ખસેડી સેનેટ હોલ ખાતે લઈ જવામાં આવેલ હતી. જેને પરિણામે કેટલીક મુશ્કેલીઓ પડી હતી, પરંતુ તમામ કૉલેજોના સહકારને કારણે વિવિધ સ્પર્ધા સરસ રીતે પૂર્ણ થઈ શકી હતી.

ટાગોર હૉલ ખાતે રાખેલ ઉદ્‌ઘાટન સમારંભની શરૂઆત 'મા તૂઝે સલામ'ના થીમ સાથે નીકળેલી રેલીથી થઈ હતી. વિવિધ ૨૨ કૉલેજોએ આ રેલીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગુજરાત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર શ્રી પરિમલભાઈ ત્રિવેદી પણ રેલીમાં જોડાયા હતા. વૈદિક પ્રાર્થના, સ્વાગત ગીત અને દીપ પ્રાગટ્ય કર્યા પછી પ્રિ. એસ. કે. ત્રિવેદીએ પધારેલ આચાર્યશ્રી, અધ્યાપકો તથા વિદ્યાર્થીને આવકાર્યા હતા. સમારંભના મુખ્ય મહેમાન શ્રી સુધીરભાઈ નાણાવટીની શુભેચ્છાઓ તથા તેમની પ્રેરક વાતો પ્રિ. શ્રી વાડીભાઈ પટેલે વ્યક્ત કરી હતી. શ્રી પરિમલભાઈ ત્રિવેદીએ અધ્યક્ષસ્થાનેથી ખૂબ પ્રેરક વાણીમાં વક્તવ્ય આપી ભારત અને ભારતના યુવાધનનું ભવિષ્યમાં વૈશ્વિક પ્રદાન શું હશે ? તે વિશે ચર્ચા કરી હતી. વર્ષ ૨૦૦૬-૦૭ થી આવી જવાબદારી ઉપાડનાર યજમાન કૉલેજોને યુનિવર્સિટી તરફથી પ્રમાણપત્ર તેમ જ શિલ્ડ એનાયત કરવાની ઘોષણા સાથે શ્રી પરિમલભાઈએ યુવા મહોત્સવ ખુલ્લો મૂક્યો હતો. ત્યાર બાદ શરૂ થયેલ શાસ્ત્રીય નૃત્યની હરીફાઈ પણ તેઓએ નિહાળી હતી.

વિવિધ કૉલેજોમાંથી આશરે ૯૭૬ વિદ્યાર્થીએ વિવિધ ૨૪ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તમામ નિર્ણાયકશ્રીઓએ સમયસર આવી સ્પર્ધાનું નિરીક્ષણ કરી પોતાના નિર્ણયો આપેલ હતા. વિવિધ દૈનિક પત્રોએ યુથ ફેસ્ટિવલના સમાચાર અને ફોટોગ્રાફ આપ્યા હતા. બીજા દિવસે સેનેટ હૉલ ખાતે સમાપન સમારંભ પહેલાં બપોરે સૌ આમંત્રિતો આચાર્યશ્રી, અધ્યાપકશ્રી, વિદ્યાર્થી તથા મિત્રોએ લાડુનું બ્રહ્મ-ભોજન લીધું હતું.

સમાપન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત યુનિવર્સિટીના કુલસચિવશ્રી અરવિંદભાઈ ભાંડારીએ વિદ્યાર્થીઓને પ્રેરક વાતો કરી. સ્પર્ધામાં ભાગ લેવા બદલ વિદ્યાર્થીનું અભિવાદન કર્યું હતું. ગુજરાત લૉ સોસાયટી એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી એન. આર. શાહે અધ્યક્ષસ્થાનેથી જીતેલા અને નહીં જીતેલા - તમામ વિદ્યાર્થીને આશીર્વાદ આપ્યા હતા. નિષ્ફળતા એ સફળતાની શરૂઆત છે તેમ માની પ્રગતિ કરવા પ્રયત્નશીલ રહેવાનું જણાવ્યું. સમારંભની આભારવિધિ પ્રો. રેણુકાબેન રાવલે કરી. ઇન્ટર ઝોન સ્પર્ધાઓ અંગે શ્રી વી. કે.

ચાવડા તથા પ્રિ. સૌરભભાઈ ચોક્સીએ માર્ગદર્શન આપ્યું.

સમગ્ર યુવા મહોત્સવના આયોજનમાં પ્રિ. એસ. કે. ત્રિવેદી, પ્રો. રેણુકાબેન રાવલ તથા પ્રો. લીનાબેન શુક્લે શરૂઆતથી જ ખૂબ જહેમત ઉઠાવી, જ્યારે છેલ્લા અઠવાડિયામાં સમગ્ર શૈક્ષણિક તથા વહીવટી સ્ટાફે મહોત્સવને આખરી ઓપ આપ્યો અને તેમાં બી. ડી. આટર્સ કૉલેજના પ્રિ. ગીતાબેન મહેતા તથા સી. ટી. આર્ટસ કૉલેજના આચાર્ય શ્રી જોષી સાહેબ અને તેમના અધ્યાપક શ્રી ચોથામી, શ્રી ગરાસિયા તથા શ્રી ચૌધરી પણ ખૂબ મદદરૂપ રહ્યા.

❑

## ઉત્તર ઝોન

યુવક કલ્યાણ વિભાગ ગુજરાત યુનિવર્સિટી અને આર. એચ. પટેલ આર્ટસ ઍન્ડ કોમર્સ કૉલેજ, નવા વાડજ, અમદાવાદ-૧૩. ના સંયુક્ત ઉપક્રમે તા. ૨૧-૨૨/૯/૦૬ દરમિયાન એલિસબ્રિજ ઉત્તરઝોનનો યુવક - મહોત્સવ રંગે ચંગે ઉજવાઈ ગયો. ઝોનમાંથી કુલ ૫૧ કૉલેજો પૈકી ૪૧ કૉલેજના લગભગ ૧૩૫૦ વિદ્યાર્થીઓએ વિવિધ ૨૬ સ્પર્ધાઓમાં ઉમળકાભેર ભાગ લીધો હતો.

પ્રસ્તુત કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારંભમાં ગુજ. યુનિવર્સિટીના કુલપતિ ડૉ. પરિમલ ત્રિવેદી અને ગણેશ ગ્રામોદ્યોગના પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ પટેલ તથા અન્ય મોભીઓ ઉપસ્થિતિ રહ્યાં હતાં અને પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ, સેનેટ હોલ (ગુ. યુ.) અને યજમાન કૉલૅજ કેમ્પસમાં જુદી જુદી સ્પર્ધાઓનું સંકલન કરવામાં આવ્યું હતું. વિવિધ કલાઓમાં પારંગત એવા આ યુવાધનને પોતાની ઉત્કૃષ્ટ અભિવ્યક્તિની સંપૂર્ણ મોકળાશ યજમાન સંસ્થાએ કુશળતા અને કાળજીપૂર્વક પૂરી પાડી હતી. આ અંગે જે તે ક્ષેત્રના તજજ્ઞોએ પોતાની સેવાઓ આપી હતી.

તા. ૨૨-૯-૦૬એ પૂર્ણાહૂતિ સભારંભમાં ગુજરાત યુનિવર્સિટીના કુલસચિવ શ્રી અરવિંદ ભાંડારી તથા ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. સુદર્શન આયંગરે વિજેતા યુવાનોને તથા સંસ્થાઓને અભિનંદન પાઠવતા મૂલ્યનિષ્ઠ શિક્ષણ અને પ્રવૃત્તિ કરવાના અભિગમ તરફ ભાર મૂક્યો હતો. ગુજરાત યુનિવર્સિટીના યુવક કલ્યાણ વિભાગના નિયામક શ્રી વી. કે. ચાવડાએ ખૂબ ટૂંકા સમયમાં યુવા મહોત્સવને સફળતાપૂર્વક પાર પાડવા બદલ કૉલેજના આચાર્ય ડૉ. સ્ટાર પાયલ ઐયરને હાર્દિક અભિનંદન પાઠવ્યાં હતાં.

(માહિતી : આચાર્ય (ડૉ.) સ્ટાર પાયલ ઐયર)

❑

## દક્ષિણ ઝોન

Gujarat University, South Zone - Youth Festival 2006-2007 was hosted by Parul Institue of Engineering & Technology, Limda. This was the first time in Gujarat University that Youth Festival was hosted by an engineering college for which the credit goes to Managing Trustee of Parul Arogya Seva Mandal who showed keen intrest and initiative for hosting Youth Festival,Parul Campus and the students and staff of Parul Institue who spared time from their hectic academic schedule for working for success of Youth Fesatival.

**Planning Stage : -**

For initial planning,, a meeting of Principals and Co-ordinators of 54 constituent colleges of vadodara,Panchmahal and Dahod districts which are affiliated to Gujarat University was called on 26th August, 2006.Mr.V.K.Chavda,Deputy Director Youth Welfare,Gujarat University attended the meeting and provided guidence for managing the Youth Festival.In the discussion, various key points for smooth organization of youth festival were debated and finalised.Special advice was sought from Prof. K.M.Parmar who organiszed Youth Festival of South Zone -1 in 2005-2006 .Prof. P.C.Upadhyay form Arts & Commerce College , Savli also provided valuable guidence in the matters related to Youth Festival.

Various committes were formed for work distribution and execution.The entries upto 18th September 2006 were accepted and a college wise list of participants and the events in which they were to take part was prepared which was very helpful in conducting the events.

Invitations to all the colleges,office bearers of Gujarat University ,leading academicians,industrialists and others were sent for the Youth Festival.

**Inaugural Function**

The inaugural function was held on 23rd September 2006 at 10.00 A.M with an impressive march past by participating colleges.Due to unavoidable circumstances, Dr.Parimal Trivedi , Vice Chancellor Gujarat University could not attend the function.Hence Dr.Arvind Bhandari.Registrar,Gujarat University.was chief guest of opening ceremony .Prof. M.N.Desai was guest of honour, and Dr. Jayesh .K.Patel , President of the function.In all , 34 out of 54 colleges participated with total participant strength of 536 out of which 174 were girls and 362 were boys.

Three prizes and one special prize were announced for the participants of March Past as under .:

First Prize : Shri J.L.K.K.Arts & Commerce College, Kakanpur

Second Prize: Arts & Commerce College,Sankheda

Third Prize: Mahila Mahavidhyalaya ,Akota,Vadodara
Special Prize : Arts & Commerce college, Santrampur

The inaugural function concluded at 11.30 A.M and was followed by Lunch for all participants and giests.

**Events Competetitions**

The events / competetitions started from 22/09/2006 at 7.00 P.M by one act play competetion. Dt. 23/09/2006 various competetitions started at 1.30 p.m in three different buildings and all competetions except monoacting and mimicry were completed by 11.00 p.m.The judges did wonderful work in evaluating the perfomance of all participants in a systematic way and identifying best three participants/groups in the various 24 events.(There were no participants in event no. 6 Western Vocal Solo and event no. 7 Group Song Western).The competetions were concluded on 24th September 2006, at noon.

**Certificate Distribution**

The concluding function including certificate distribution was irganized on 24thSeptember 2006 at 12.30 P.M. Prof.M.N.Patel, Principal L.D.College of Engineering,Ahmedabad was chief guest and Dr.Devanshu Patel - Trustee,Parul Arogya Seva Mandal was president at the function, while Shri V.K.Chavda, Deputy Director ,Youth Welfare, Gujarat University and Prof. P.C.Upadhyay,Prof. K.M.Parmar, Dr. Vinod Patel etc were other dignitaries.

The results of all 24 events were declared and certificates of participation and best three teams/individuals were given by chief dignitaries.The results were cheered by all all present at the function. Some participants gave their remarks about the arrangements of the Youth Festival and praised them all.Prof. H.G.Rajput presented conclding remarks and offered vote of thanks.

**Our Thanks To** :

1) The co-operation and guidence of Shri. V.K.Chavda which proved very useful for the success of the event,
2) Prof. K.M.Parmar of Mahila Vidyalaya, Dr. Vinod Patel of Miyagam Karjan and Prof. P.C.Upadhyay of Savli who provided support and guidence to us,
3) The co-operation and understanding of all the participants and their co-ordinators.

**Observations**

As far as possible the Youth Festival should not coinside with Navratri or such festivals as it becoms extremely difficult to find judges and hire sound/light systems and stage items as experienced by us on 23/10/06, the first day of Navratri.

There were no compliants regarding accomodation, food and results given by judges which was remarkable aspect of the Youth Festival.

On 23rd September2006.Some judges arrieved late due to vehical falieure on road but the participants showed tremendous tolerance with the late commencement of some events and helped to complete the competetions by the evening.

There were no incidents of misconduct or unruly actions on the part of the participants coming from different colleges and different disciplines like Arts, Commerce,Science,Engineering,etc.

**Conclusion**

We at Parul Institute of Engineering & Technology and other institutions at the campus worked hard to make the Youth Festival a memorable event in the campus and judging from the reactions of participants and overall observations.

We are proud to have a feeling of success.The experience gained from this Festival shall be helpful to us in organizing such events in future We thank the Honourable Vice Chancellor,Gujarat University Dr.Parimal Trivedi and the authorities odf Gujarat University to give us this wonderful opprtunity of hosting the Youth Festival.We thank all the participants, the authorities of their colleges, the students and staff of Parul Campus and transport section of the campus and all other named or unnamed for their contribution to the success of Youth Festival at Limda.

❑

## આંતરકૉલેજ વેઈટલિફટિંગ સ્પર્ધા

શ્રી આર. કે. પરીખ આટર્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદના યજમાનપદે ગુજરાત યુનિવર્સિટી દક્ષિણ ઝોન, આંતર કૉલેજ વેઈટલિફ્ટિંગ અને બોડીબિલ્ડિંગ ભાઈઓ (વર્ષ ૨૦૦૬-૨૦૦૭)ની સ્પર્ધાનું આયોજન કૉલેજ કેમ્પસમાં તારીખ ૨૬-૯-૨૦૦૬ના રોજ સવારે ૯-૦૦ કલાકે યોજાયું હતું.

આ સ્પર્ધાનું ઉદ્‌ઘાટન સમારોહના મુખ્ય મહેમાન અને આટ્ર્સ એન્ડ કૉમર્સ કૉલેજ સાવલીના પ્રિ. શ્રી પી. સી. ઉપાધ્યાય તથા અતિથિવિશેષ તરીકે શ્રીમતી એસ. આઈ. પટેલ ઇપ્કોવાલા કોમર્સ કૉલેજ ના પ્રિ. શ્રી તુષાર હાથી તથા શ્રી આર. કે. પરીખ આટર્સ ઍન્ડ સાયન્સ કૉલેજ પેટલાદના પ્રિ. ડૉ. વિમલ જોષી તથા સ્પર્ધાના રેફ્રી શ્રી ડાભી સાહેબ. ત્રિવેદી સાહેબ તથા વિવિધ કૉલેજના કોચ મૅનેજરશ્રી તથા સમગ્ર દક્ષિણ ઝોનમાંથી સ્પર્ધક તરીકે ભાગ લેનાર સ્પર્ધકોની આ હાજરીમાં દીપ પ્રાગટ્ય અને સર્વધર્મની પ્રાર્થના કરીને કરવામાં આવ્યું હતું.

❑

## પરિપત્રો

# ગુજરાત યુનિવર્સિટી

નં. : જનરલ/૧૪૭૪૩/૨૦૦૬
તા. ૦૩-૦૮-૨૦૦૬

પ્રતિ,
યુનિ. સંલગ્ન તમામ કૉલેજોના આચાર્યશ્રીઓ,
**વિષય :** યુ.જી.સી.ના ૧૦માં પ્લાનના હિસાબો સબમીટ કરાવવા બાબત.

શ્રીમાન/બહેનશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે આદેશાનુસાર જણાવવાનું કે યુ.જી.સી. દ્વારા યુનિવર્સિટીને જણાવવામાં આવ્યું છે કે યુનિ. સંલગ્ન કૉલેજો દ્વારા ૧૦મા પ્લાનના હિસાબો સબમિટ કરાવવામાં આવે ત્યારે ૯મા પ્લાનમાં યુ.જી.સી. દ્વારા આપવામાં આવેલ ફોરમેટ મુજબ જ વ્યવસ્થિત રીતે જમા કરાવવાનું રાખવા તથા બિલ્ડિંગ ગ્રાન્ટ માટેની રિવાઇઝડ ગાઇડલાઇન્સ યુ.જી.સી.ની વેબ સાઇટ www.ugc.ac.in પરથી જોઈ અને તે રીતે જ યુ.જી.સી.માં મોકલવા વિનંતી છે.

વધુમાં, જણાવવાનું કે આ સાથે આપને એક બાંયધરી પત્ર મોકલવામાં આવે છે, જે આપની કૉલેજ દ્વારા યુનિવર્સિટી મારફતે યુ.જી.સી.માં મોકલવામાં આવતી દરેક દરખાસ્ત સાથે આપવા આદેશાનુસાર વિનંતી છે.

કુલ સચિવ

❑

# બાંયધરી પત્ર

આથી, હું આચાર્ય / ડાયરેક્ટર ________________________________

________________ કૉલેજ બાંયધરી આપું છું કે સામેલ દરખાસ્તમાં જણાવેલ તમામ વિગતો સાચી છે તથા યુજીસી દ્વારા ________________________________ હેતુ માટે મળનાર ગ્રાન્ટ કૉલેજ દ્વારા હેતુ મુજબ જ વાપરવામાં આવશે અને યુ.જી.સી. દ્વારા મંગાવવામાં આવતા યુટીલાઇઝેશન સર્ટિફીકેટ તેમ જ પ્લાન મુજબના હિસાબો સમયસર રજૂ કરીશ / કરીશું.

તા. ....
સ્થળ : ....
કૉલેજના આચાર્યશ્રી / ડાયરેક્ટરશ્રીની
સહી તેમ જ કૉલેજનો સિક્કો અને સિલ

❑

# New Courses

## By Gujarat University

## POST GRADUATE DIPLOMA IN PORT MANAGEMENT (PGDPM)

**1. Introduction**

Ports have always played a vital role in the trade and commerce of the country from time immemorial. This is more so now in this era of economic liberalisation. To meet the increasing demands for imports and exports, there is a need for revitalising the administration of ports, Gujarat has 41 ports along its 1600 km long coastline. There are also other ports on India's vast coastline requiring trained manpower for their efficient administration. At present there appears to be no courses run by any university in the country specially tailored to suit the needs of the port sector. Therefore, it is considered desirable that Gujrat University may consider introduction of a course specially to train management personnel for the ports.

**2. Brief particulars of the course :**

| | | |
|---|---|---|
| **1** | **Name of the course** | **Post Graduate Diploma in Port Management (PGDPM)** |
| 2 | Duration | Two years under semester system |
| 3 | Eligibility | A degree from a recognized Universtiy in Engineering / Science / Commerce (BE / B.Sc. / B.Com) stream with a minimum of 55% marks (final year university examination marks alone will be considered for this purpose) - 50% for candidates belonging to SC / ST. |
| 4 | No. of seats | B.Sc./BE : 20<br>B.Com. : 5<br>NRI : 5 |
| 5 | Sponsorship of candidates | Up to 50% of the seats may be filled by sponsorship by ports or institutions undertaking activities connected with ports. |
| 6 | Reservation of seats | As per Gujarat University rules |
| 7 | Course Fees | Merit Seats : Rs. 10,000/- per semester<br>Sponsored seats : Rs. 10,000/- per semester<br>NRI seats : Rs. 10,000/- per semester |



1. The formal inauguration of the programme was on October 1, 2006 at 10.30 a.m. in the Gujarat University Senate Hall, which will be chaired by Dr. Parimal Trivedi, Vice-Chancellor.

2. The key note address was delivered by Dr. G. Raghuram, Professor, Indian Institute of Management, Ahmedabad. who has done extensive work in the filed of port management and logistics.

3. This year through a Press Release by Vice Chancellor Dr. Parimal Trivedi, course was announced. The course received overwhelming response from the Industry. About 100 forms were sold and around 60 forms were received. Out of them 15 candidates are selected on merit and 15 candidates are selected based on sponsored category from the organization who had entered with an MOU with the Gujarat University.

4. The support/sponsors and encouragement were received from the PMC (Adani), Gujarat Ambuja, Siddhi Cement, M. V. Kiran & Co., Harin-Marine Services Pvt. Ltd., Shivam Ship Management Services, Gujarat Chemical Port Terminal Co. Ltd., DHIL (Birla Copper), Gujarat Pipavav Port Ltd., Kandla Port Trust, Gujarat maritime Board, Essar Group, Reliance Industries Ltd., Larsen & Toubro Ltd. and Petronet LNG Ltd.

❑

## લવાજમ

'વિદ્યાવૃત્ત'નું વાર્ષિક લવાજમ ૬૦ રૂપિયા છે. લવાજમ 'રજિસ્ટ્રાર, ગુજરાત યુનિવર્સિટી'ના નામથી ડી.ડી.થી અથવા યુનિવર્સિટી કેશ કાઉન્ટર પર રોકડેથી ભરી શકાશે. ચેક/એમ.ઓ. સ્વીકારાશે નહીં. કૉલેજો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓને લવાજમ ભરી ગ્રાહક થવા અનુરોધ છે. વિદ્યાવૃત્ત અંગેની માહિતી મુખ્ય સંપાદક અથવા સંપાદક મંડળના અન્ય સભ્યોને મોકલી શકાય છે.

## 'વિદ્યા'

ગુજરાત યુનિ.ના સંશોધન સામયિક 'વિદ્યા'ના અંકો પ્રતિવર્ષ ૧૫ માર્ચ અને ૧૫ સપ્ટેમ્બરના રોજ પ્રગટ થશે. તેનું વાર્ષિક લવાજમ ૧૦૦ રૂપિયા છે. તે પણ ડી.ડી.થી કે રોકડેથી ભરી શકાશે. છૂટક નકલ યુનિ.ના કન્ઝ્યુમર્સ સ્ટોર્સમાંથી ૫૦ રૂપિયામાં મળી શકશે.

'વિદ્યા' અને 'વિદ્યાવૃત્ત'નું સંપાદકીય પત્રવ્યવહારનું સરનામું નીચે મુજબ છે :

**મુખ્ય સંપાદક :**
**ડૉ. રાજસી ક્લાર્ક**
ડિપાર્ટમેન્ટ ઓફ લેબર વેલ્ફેર,
સમાજવિદ્યા ભવન બિલ્ડિંગ,
ગુજરાત યુનિ. કૅમ્પસ,
અમદાવાદ ૩૮૦ ૦૦૯.
ફોન : (કાર્યાલય) ૬૫૪૪૩૨૩૭
Email : usssgu-07@vsnl.net

Book-post
Printed Matters

પ્રતિ શ્રી ______________________

______________________

______________________

______________________

પ્રેષક :
**ડૉ. અરવિંદ ભાંડારી**
*કુલસચિવશ્રી,*
ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯

મુદ્રણસ્થાન : ચંદ્રિકા પ્રિન્ટરી, મિરઝાપુર રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧